સુવિચાર

''પહેલાં આપણે ટેવ પાડીએ છીએ, પછીથી ટેવ આપણને પાડે છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૦૮/૦૫/૨૦૨૬, શુક્રવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ વદ-૬ વર્ષ : ૧૭ અંક : ૧૨૩


## સાવરકુંડલા, ખાંભા, લીલીયા મોટા સહિતનાં શહેરોમાં માંગ ઉભી થઈ

# અમરેલી જિલ્લામાં ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા અભિયાન શરૂ

**ગૌહત્યા મુકત ભારત અને ગૌમાતા મંત્રાલયની માંગ સાથે આવેદનપત્ર પાઠવાયુ**

**ગૌમાતા ભારતીય સંસ્કૃતિ, કૃષિ અને આઘ્યાત્મક પરંપરાનું પ્રતિક છે**

**ગૌમાતાને રાષ્ટ્રીય સ્તરે વિશેષ સન્માન અને કાનૂની સુરક્ષા આપવાની માંગ**

**હિન્દુવાદી સરકારમાં ગૌમાતાની સુરક્ષા વધારેમાં વધારે મજબૂત થવી જરૂરી**




અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયનાં તાલુકા મથકોએ હિન્દુવાદીસંસ્થાઓ, સંતો–મહંતોઅને આગેવાનોએ ગૌમાતાને રાષ્ટ્ર માતા જાહેર કરવા અભિયાન શરૂ કરીને મામલતદારનેઆવેદનપત્ર પાઠવ્યું.

**સાવરકુંડલા**

સાવરકુંડલા ખાતે સંતોના સાંનિધ્યમાંગૌમાતાનુંપૂજનકરાયાબાદ ગૌપ્રેમીઓએગૌહત્યામુકતભારતઅને ગૌમાતા મંત્રાલયને માંગ સાથે રેલી યોજીને મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુંહતું.

**ખાંભા**

ખાંભા ખાતે ગૌપ્રેમીઓ અને ગૌરક્ષકો દ્વારા ગૌમાતાને ''રાષ્ટ્ર માતા''નો દરજજો આપવામાં આવે તેમજ ગૌરક્ષણ માટે કડક કાયદાકીય પગલાં ભરવામાં આવે તેવી માંગ સાથે વિશાળ રેલી અને રજૂઆત કાર્યક્રમ યોજાયો હતો. ભારતીય સંસ્કૃતિ અને કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર ગણાતી ગૌમાતાને રાષ્ટ્રીય સ્તરે સન્માન અને

**અનુસંધાન પાના ૬ ઉપર**


**જોઇએ છે**

પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે

આર.ડી. પેટ્રોલ પંપ

એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.

મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭


**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો દૈનિકનાં ઈ–મેઈલ એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી


ડો. જીતેન્દ્ર એ. સોલંકી

એમ.એસ.(ઓપ્થલ)

આંખના સર્જન

**શિવમ્ આંખની હોસ્પિટલ**

ઉપલબ્ધ સુવિધાઓ.....

- મોતીયાનાં ઓપરેશન તથા નેત્રમણી આરોપણ
- નેત્રમણી માટે ટાંકા વગરના ઓપરેશનો (ફેકો)
- આંખનાં નંબરની કોમ્પ્યુટર દ્વારા તપાસ
- કોન્ટેકટ લેન્સ કિલનીક તથા નંબર ઉતારવા વિશે માર્ગદર્શન
- પડદાનાં રોગોની તપાસ તથા સારવાર
- આંખની રસી, ફુલુ, ચાંદાની સારવાર
- દર્દી તપાસવાની OPD નીચે ગ્રાઉન્ડ ફલોર પર

માણેકપરા, પી.પી.સોજીત્રા સાહેબનાં બંગલાની સામે, અમરેલી મો.નં. ૭૪૮૭૮ ૦૨૭૯૯



**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**

**1,39,400/-**

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૦૭/૦૫/૨૦૨૬ ના રોજ

હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો

63549 73131

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



**ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ**

ડો. સાગર ઘોડાસરા — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન — મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા. ૮/૦૫/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧૨

ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ — લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત — તા. ૮/૦૫/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦

ડો. આકાશ માકડીયા — પેડિયાટ્રિક ઓર્થો સર્જન — બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત — તા. ૮/૦૫/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬

ડો. જીગર પટેલ — પીડીયાટ્રીક સર્જન — નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૮/૦૫/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. મનિષ પરૂણી — ન્યુરો ફીઝીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૯/૦૫/૨૦૨૬, શનિવારે, સવારે ૧૧ થી ૧

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)

ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ



**પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ**



**સ્વ. જયાબેન હીરાલાલ રૂપારેલ**

સ્વ.તા. ૮-૫-૨૦૨૧, શનિવાર. અમરેલી

વાત્સલ્ય, સાદગી, પરિશ્રમ અને ઉચ્ચ જીવન મૂલ્યોના પ્રતિમૂતિ સંઘર્ષ એવં સંસ્કારના પ્રતિક એવા પુજ્ય સ્વ. જયાબા ની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ પર ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ

લી.

રૂપારેલીયા પરિવાર

અમરેલી એક્સપ્રેસ પરિવાર - અમરેલી

### રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ ખાતમુહૂર્ત કર્યુ

# ચિત્તલનાં નાગરિકોની સુવિધા અર્થે લાખો રૂપિયાનાં ખર્ચથી વિકાસકાર્યો થશે

### સ્થાનિક આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૭

ચિત્તલ મુકામે વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. સ્થાનિક લોકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો થાય તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બને તે હેતુસર અનેક મહત્વપૂર્ણ વિકાસ યોજનાઓનો પ્રારંભ કરવામાં આવ્યો.

કાર્યક્રમ દરમિયાન મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર ગામોના સર્વાંગીણ વિકાસ માટે લાંબાગાળાના વિઝન સાથે કાર્ય કરી રહી છે. રાજયના દરેક ગામ સુધી પાયાની સુવિધાઓ પહોંચે અને ગ્રામ્ય નાગરિકોને શહેર જેવી સગવડો મળે તે માટે સતત આયોજનબદ્ધ કામગીરી હાથ ધરાઈ રહી છે.

ચિત્તલ વિસ્તારમાં માર્ગ સુવિધા, પાણી વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, જાહેર સુવિધા અને અન્ય લોક કલ્યાણકારી કામોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિકાસપ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા સ્પષ્ટ જોવા મળી હતી.

ગ્રામ્ય વિકાસના આ પ્રયાસોથી લોકોમાં નવી આશા જાગી છે અને આગામી સમયમાં વિસ્તારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા વ્યકત કરવામાં આવી રહી છે.

### ઊંચા ભાવ મળતાં હોય ખેડૂતોમાં ખૂશીનો માહોલ

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં કપાસ, મગફળી, તલ, જીરૂ અને અજમાનાં ભાવો નોંધપાત્ર રહ્યા

### શ્રેષ્ઠ ઉત્પાદનનો ઊંચો ભાવ મળે તે જરૂરી પણ હોય છે



અમરેલી, તા. ૭

અમરેલી માર્કેટિંગ યાર્ડમાં વિવિધ કૃષિ ઉપજના ભાવોમાં ચઢાવ–ઉતાર જોવા મળ્યો હતો. ખેડૂતો મોટી સંખ્યામાં પોતાની ઉપજ વેચાણ માટે લાવતા યાર્ડમાં કપાસ, મગફળી, તલ, જીરૂ અને અજમા સહિતના પાકોના ભાવ નોંધપાત્ર રહ્યા હતા. ખાસ કરીને કપાસના ભાવ ૨,૦૦૦ સુધી બોલાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

યાર્ડમાં મગફળી મોટીનો ભાવ ૯૦૦ થી ૧,૫૨૦ સુધી નોંધાયો હતો. જયારે શિંગદાણાનો ભાવ ૧,૨૭૦થી ૧,૮૬૦ સુધી રહ્યો હતો. શિંગદાણા ફાડાના ભાવ પણ સારા જોવા મળ્યા હતા અને તે ૧,૧૭૦થી ૧,૮૭૫ સુધી નોંધાયા હતા. વેપારીઓના જણાવ્યા મુજબ ગુણવત્તાસભર માલને સારા ભાવ મળતા રહ્યા હતા.

તલના બજારમાં પણ તેજી જોવા મળી હતી. તલ સફેદનો ભાવ ૧,૧૦૦થી ૨,૨૫૦ સુધી નોંધાયો હતો, જયારે તલ કાળાના ભાવ ૨,૨૦૦થી ૩,૫૧૫ સુધી રહ્યા હતા. તલ કશ્મીરીનો ભાવ ૨,૨૭૫ સુધી નોંધાતા ખેડૂતોમાં સંતોષ જોવા મળ્યો હતો.

અનાજ વિભાગમાં બાજરાનો ભાવ ૫૧૫ સુધી નોંધાયો હતો. જુવારનો ભાવ ૩૭૫ થી ૯૩૦ સુધી રહ્યો હતો. ઘઉં ટુકડાનો ભાવ ૪૦૦થી ૫૪૦ સુધી અને ઘઉં લોકવનનો ભાવ ૪૫૦ થી ૪૮૫ સુધી નોંધાયો હતો.

ચણાના બજારમાં પણ મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. ચણાનો ભાવ ૯૫૦થી ૧,૧૬૦ સુધી રહ્યો હતો. ચણા દેશીનો ભાવ ૧,૦૨૦થી ૧,૦૩૫ સુધી નોંધાયો હતો, જયારે સફેદ ચણાનો ભાવ ૯૫૦થી ૧,૦૮૦ સુધી રહ્યો હતો.

કઠોળ અને મસાલા પાકોમાં તુવેરનો ભાવ ૯૦૦થી ૧,૪૨૦ સુધી રહ્યો હતો. એરંડાનો ભાવ ૧,૦૯૦થી ૧,૨૬૫ સુધી નોંધાયો હતો. જીરૂના ભાવમાં મજબૂતી જોવા મળી હતી અને તેનો ભાવ ૨,૦૦૦થી ૩,૮૩૦ સુધી રહ્યો હતો. રાયનો ભાવ ૧,૦૦૦થી ૧,૩૦૦ સુધી નોંધાયો હતો.

મસાલા પાકોમાં ધાણાનો ભાવ ૨,૩૯૦થી ૨,૫૪૦ સુધી નોંધાયો હતો. ધાણીનો ભાવ ૨,૦૦૦થી ૬,૬૭૫ સુધી પહોંચ્યો હતો, જયારે અજમાનો ઊંચો ભાવ ૨૨,૧૦૦ સુધી નોંધાતા વેપારીઓમાં ભારે રસ જોવા મળ્યો હતો. મેથીનો ભાવ ૧,૨૭૫ સુધી નોંધાયો હતો.

અમરેલી માર્કેટિંગ યાર્ડમાં હાલ વિવિધ કૃષિ ઉપજમાં આવક સારી રહેતા વેપાર ગતિમાન બન્યો છે. ખેડૂતો સારા ભાવની આશાએ પોતાની ઉપજ યાર્ડમાં લાવી રહ્યા છે, ત્યારે ગુણવત્તાવાળા પાકોને યોગ્ય ભાવ મળતા ખેડૂતોમાં આશાવાદ જોવા મળી રહ્યો છે.

# અમરેલી સ્થિત પ્રાચીન તીર્થસમા સંભવનાથજી જિનાલયની ૨૦૫મી વર્ષગાંઠની ભકિત ભાવનામય ઉજવણી



અમરેલી, તા. ૭

અમરેલીમા સંભવનાથ દાદાના ૨૦૫ વર્ષ પ્રાચીન દેરાસરજીની વર્ષગાંઠ ઉજવણી પૂ.સાપ્રવીજી મ. પદ્મયશાશ્રીજી આદિ થાણા ૩ની નિશ્રા અને સકળ સંઘ, મુંબઈ, સુરત સહિતના ગામથી પધારેલ મહેમાનોની વિશાળ હાજરીમા સંપન્ન થયેલ હતી.

ત્રિદિવસીય મહોત્સવમાં પ્રથમ દિવસે પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ હતી. દ્વિતીય દિવસે જિનાલયના તમામ જિનબિંબોને અઢાર અભિષેક કરવામાં આવેલ હતા. અને ત્યાર બાદ સકળ સંઘ સ્વામિ વાત્સલ્ય થયેલ. સાંજે પ્રભુજીને ભવ્ય આંગી સહ કુમારપાળ મહારાજાની આરતી, મંગળ દીવો થયા બાદ ભકિત ભાવનાના સંગીતકાર મોહિતભાઈ પાલીતાણાના ભકિત ગીતોની સાથે આ વર્ષની ધજાના લાભાર્થી પરિવારનું બહુમાન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ આગામી વર્ષગાંઠ (વિ.સ. ૨૦૮૩) માટે ધજા અને વિવિધ લાભોના આદેશ આપવામાં આવેલ.

તૃતિય દિવસે સવારે પ્રભાતિયાં, સકળ સંઘની નવકારશી, ધજા યાત્રા કે જેમા બગી, બે બેન્ડ વાજા સાથે સકળ સંઘ તેમજ મહેમાનોની વિશાળ હાજરી સાથે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરેલ. ધજા યાત્રા પરત આવ્યા બાદ વિધિકાર બીપીનભાઈ શાહ સિહોર વાળા પૂજા વિધી કરાવ્યાં બાદ લાભાર્થી દામજીભાઈ અમુલખભાઇ સંઘવી પરિવાર દ્વારા ખૂબ ઉલ્લાસ અને ઉમંગ સાથે ધજા રોહણ કરવામાં આવેલ અને સકળ સંઘનું સ્વામિવાત્સલ્ય સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થયેલ હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંભવનાથ જૈન સંઘ કમિટી મેમ્બર્સ, કાર્યકરો, અમરેલી ધજા ગ્રુપ, મુંબઈના કમિટી મેમ્બર્સ વિગેરેએ ખૂબ જહેમત ઉઠાવેલ હતી.

### એક જ ગામના વિદ્યાર્થીઓએ શાળામાં ડંકો વગાડ્યો

# અમરેલીના લાપાળીયાના 3 વિદ્યાર્થી ધો. ૧૦માં શાળામાં એક સાથે ટોપ થ્રી

### જનતા વિદ્યાલય મોટા ગોખરવાળાનું ૧૦૦% પરિણામ



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં જાહેર થયેલા એસ.એસ.સી. બોર્ડના પરિણામમાં જનતા વિદ્યાલય–મોટા ગોખરવાળાએ ૧૦૦ ટકા પરિણામ મેળવી શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

શાળામાં પરીક્ષામાં બેઠેલા તમામ ૨૧ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થતા શાળા પરિવાર તેમજ ગ્રામજનોમાં આનંદની લાગણી વ્યાપી છે.

ખાસ કરીને અમરેલી તાલુકાના લાપાળીયા ગામના ત્રણ વિદ્યાર્થીઓએ શાળામાં ટોપ–૩ સ્થાન મેળવી ગામનું નામ ગૌરવપૂર્ણ બનાવ્યુંછે. શાળામાં પ્રથમ ક્રમે અઘેરા યશ જયંતીભાઈએ ૬૦૦માંથી ૫૨૮ ગુણ મેળવી સિદ્ધિ મેળવી હતી. દ્વિતીય ક્રમે અમરેલી યશ ચેતનભાઈએ ૬૦૦માંથી ૪૯૨ ગુણ પ્રાપ્ત કર્યા હતા. જયારે તૃતીય ક્રમે માંડવીયા ધ્રુવી શૈલેષભાઈએ ૬૦૦ માંથી ૪૮૫ ગુણ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યુ હતું.

# લીલીયા મોટા : ગોઢાવદર ખાતે મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયા જોડાયા



લીલીયા મોટા, તા. ૭

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે આયોજિત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રીમદ્ ભાગવત કથા પારાયણના પાવન પ્રસંગે ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા જોડાયા હતા.

આ પ્રસંગે ગામમાં ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર, ધાર્મિક વિધિઓ અને કથાના રસપાન સાથે સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું.

તેઓએ પૂજા – અર્ચના કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા તેમજ કથાકારના આશીર્વચન સાંભળ્યા હતા. તેમણે જણાવ્યું કે આવા ધાર્મિક કાર્યક્રમો સમાજમાં સંસ્કાર, એકતા અને આધ્યાત્મિકતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

શ્રદ્ધાળુઓના ઉત્સાહ અને ભક્તિભાવ વચ્ચે યોજાયેલા આ મહોત્સવે સમગ્ર વિસ્તારમાં ધાર્મિક ઉર્જાનો સંચાર કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો, સંતો – મહંતો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સૌરાષ્ટ્ર પ્રાંત વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા

# અમરેલીમાં વિદ્યાસભા ખાતે માતૃ શકિતનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો

### મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૭

અમરેલી વિ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા માતૃ શકિતનો પ્રશિક્ષણ વર્ગમાં વિદ્યાસભા ખાતે શુભારંભ થયો.

આ પ્રસંગે ૫ પૂ સાધ્વી ભકિતગિરિ માતાજી દામનગર, ક્ષેત્ર સંગઠન મંત્રી શ્રીરંગ રાજે, સૌરાષ્ટ્ર પ્રાંત સહસંયોજિકા બિંદુબેન મારૂં, વર્ગ વાલી ઉદયનભાઈ રાવલ, પ્રાંત સંગઠન મંત્રી કિરીટભાઈ મિસ્ત્રી, સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી, વિભાગ મંત્રી મહેશભાઈ કંજારીયા, વિભાગ સંગઠન મંત્રી ભાસ્કરભાઈ મકવાણા, ભાવનગર વિભાગ માતૃ શકિત સયોજિકા રમીલાબેન પટોળીયા, વર્ગ અધિકારી વૈશાલીબેન નિર્મલ, જિલ્લા પ્રમુખ વિજયભાઈ દેસાઈ, વિદ્યાસભાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, વિભાગના સંપર્ક પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી, નગર મંત્રી પંકજભાઈ કાનાણી, નગર ઉપાધ્યક્ષ મહેશભાઈ જળું, નગર સહ મંત્રી મેહુલભાઈ પરીખ, માતૃ શકિત સહ સંયોજિકા પૂર્વીબેન ગોહિલ, સહ સયોજીકા ગીતાબેન ત્રિવેદી ઉપસ્થિત રહેલ.

# અમરેલીની ઔદ્યોગિક તાલીમ સંસ્થા રાજયભરમાં 'તૃતિય શ્રેષ્ઠ' ક્રમાંકની સંસ્થા તરીકે સન્માનિત

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લા માટે ગર્વની બાબત છે, કે રાજયની તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ) પૈકી અમરેલીની ઔદ્યોગિક તાલીમ સંસ્થાને રાજય કક્ષાએ ''તૃતીય શ્રેષ્ઠ આઈ.ટી.આઈ'' તરીકે સન્માનિત કરવામાં આવી છે.

ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ ૧ ખાતે આવેલ તાપી હોલમાં એક ભવ્ય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી નોડલ પ્રિન્સિપાલ ડો. ટી. એમ. ભટ્ટ તથા અમરેલી સંસ્થાના પ્રિન્સિપાલ ડી. એમ. આચાર્યએ શ્રમ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના વરદ હસ્તે આ પ્રતિષ્ઠિત સન્માન સ્વીકાર્યુ હતું. સંસ્થાને પ્રાપ્ત થયેલ આ રાજયકક્ષાના ગૌરવપૂર્ણ સન્માન બદલ સંસ્થાના સ્ટાફ, તાલીમાર્થીઓ તથા સમગ્ર અમરેલી જિલ્લાના નાગરિકોમાં હર્ષ અને આનંદની લાગણી વ્યાપી છે.

આ ગૌરવશાળી અવસરે ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજયકક્ષાના શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી કાંતિલાલ અમૃતિયા, કૌશલ્ય વિભાગના સચિવ શ્રી આઈ.એ.એસ (આઈએએસ) લોચન સદરા, નિયામક રોજગાર અને તાલીમ નીતિન સાંગવાન તેમજ નિયામક જીએસડીએમ કમલેશ રાઠોડ (આઈએએસ) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા તેમ અમરેલી આઈ.ટી.આઈની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલના ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડ પરિણામમાં એ-૧, એ-૨ ગ્રેડની હારમાળા સાથે વિશેષ સ્કોલરશીપ લાભોની જાહેરાત



અમરેલી અગ્રણી કેળવણીકાર વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ સમગ્ર વર્ષ દરમ્યાન અત્યાર સુધી રમત–ગમત સાહીત્યક, સંસ્કૃતિક અનેક સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ છે ત્યારે ગુજરાત રાજય શિક્ષણ બોર્ડ એચએસસી અને એસએસસી ધોરણ–૧૨ અને ૧૦નું પરિણામ જાહેર થયું જેમાં અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલના ધોરણ ૧૨ના અ૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર કુલ ૬ અને એ૨ ગ્રેડ પ્રાપ્ત કરનાર કુલ ૨૪ તેમજ ધોરણ ૧૦ના એ૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર કુલ ૨૬ અને એ૨ ગ્રેડ પ્રાપ્ત કરનાર કુલ ૮૦ જળહળતા તારલાઓ સાથે સ્કૂલનું પરિણામ ઉ.મા ૯૯.૧૮% અને માધ્યમિક ૯૯.૧૬% આવેલ. અભ્યાસ, સંસ્કાર અને શ્રેષ્ઠ પરિણામોની પરંપરા જાળવી રાખતી અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓએ એ૧ અને એ૨ ગ્રેડની શાનદાર સિદ્ધિઓ મેળવી અમરેલી જિલ્લામાં અવિરત ડંકો વગાડયો છે. વિદ્યાર્થીઓની આ ગૌરવપૂર્ણ સિદ્ધિને પ્રોત્સાહન આપવા સંસ્થા દ્વારા વિશેષ સ્કોલરશીપ લાભોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ધોરણ ૧૦માં એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૧માં કોઈપણ પ્રવાહમાં ૧૦૦ ટકા ફી માફી આપવામાં આવશે. જયારે ધોરણ ૧૨ માં અ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા ફી પરત આપવામાં આવશે. સાથે જ દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા ''કન્યા કેળવણી યોજના'' અંતર્ગત હોસ્ટેલ ફીમાં રૂા. ૧૫,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે, જે વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ યોજના સાબિત બની રહી છે. સંસ્થા દ્વારા ગુણવત્તાયુકત શિક્ષણ, આધુનિક સુવિધાઓ, અનુભવી શિક્ષકો અને સંસ્કારસભર વાતાવરણના કારણે વિદ્યાર્થીઓ સતત ઉત્તમ પરિણામો હાંસલ કરી રહ્યા છે. આ તકે વાલીઓ અને વિદ્યાર્થીઓના ઓનલાઈન પરિણામના દિવસે હર્ષોલ્લાસ સાથે શાળા એ આવ્યા હતા તેઓએ સૌ સાથે મળી ઉજ્જવળ પરિણામની ઉજવણી કરી હતી. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

## બાળકો અને પરિવારજનોને વેકેશનમાં મનોરંજન માટેનાં સ્થળનો અભાવ

# લ્યો બોલો : બાબરામાં ૮ વર્ષથી બગીચાઓ બંધ પડયા છે

| વોર્ડ નં. ૧નાં બાલક્રિડાંગણોની હાલત ખંડેર જેવી બની ગઈ | પાલિકાનાં શાસકો માત્ર વિકાસની વાતો કરીને શહેરીજનોને ગેરમાર્ગે દોરતા જોવા મળે | સ્થાનિકોએ ઉજ્જડ બનેલ બાગને ધમધમતો કરવા માંગ કરી | પાલિકાનાં નવનિયુક્ત નગરસેવકોએ સૌ પ્રથમ બાગ-બગીચાને ધમધમતા કરવા જરૂરી |
|---|---|---|---|


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૭

બાબરા શહેરમાં વોર્ડ નંબર ૧ વિસ્તારમાં આવેલ જાહેર બગીચાઓ છેલ્લા અંદાજે આઠ વર્ષથી બંધ હાલતમાં હોવા છતાં નગરપાલિકા તંત્ર અને ચૂંટાયેલા શાસકો દ્વારા આજદિન સુધી કોઈ અસરકારક પગલાં લેવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય ગણાતા બે જાહેર બગીચાઓ એક નાગરિક બેન્ક ચોક પાસે અને બીજો પંચકુંડ જગ્યા નજીક આવેલ વર્ષોથી અવ્યવસ્થિત હાલતમાં પડયા છે.

હાલ ઉનાળાનાં વેકેશન દરમિયાન બાળકો માટે રમત-ગમત તેમજ મનોરંજન માટે યોગ્ય સ્થળ ન હોવાથી વાલીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે. શહેરના પરિવારોને પણ સાંજના સમયે હરવા-ફરવા માટે કોઈ સગવડભર્યુ જાહેર સ્થળ ઉપલબ્ધ ન રહેતા લોકોમાં અસંતોષ વધ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ બાલક્રીડાંગણોમાં વર્ષોથી યોગ્ય જાળવણી ન થવાને કારણે અંદર મુકાયેલા રમકડાં અને વિવિધ સાધનો ભંગાર બની ગયા છે. બગીચાઓમાં ઝાડઝાંખર, ગંદકી અને તૂટફૂટના દ્રશ્યો જોવા મળતા હાલત સંપૂર્ણ ખંડેર જેવી બની ગઈ છે. લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલા આ બગીચાઓ હાલ ઉપયોગ વિના બિનજરૂરી બની ગયા હોવાનું લોકો કહી રહ્યા છે.

આ પરિસ્થિતિ વચ્ચે વોર્ડ નંબર ૧ના પાલિકા સભ્યો બસિયા પરિવાર દ્વારા સ્થળ વિઝીટ કરી બગીચાઓની સ્થિતિનું નિરીક્ષણ કરીને તાત્કાલિક ધોરણે બગીચાઓને પુનઃ શરૂ કરાવવા પગલાં લેવાય તેવી સ્થાનિક નાગરિકોમાં જોરદાર માંગ ઉઠવા પામી છે. શહેરના બાળકો અને પરિવારો માટે ફરી એકવાર હરિયાળું અને સુવિધાસભર મનોરંજન સ્થળ ઉભું થાય તેવી લોકો આશા વ્યકત કરી રહ્યા છે.

## આગામી ઓક્ટોબરમાં શૂટિંગ શરુ થઈ શકે

# જાહ્નવી અને શાહિદ પહેલીવાર સાથે કામ કરે તેવી શક્યતા

**છેલ્લા કેટલાક સમયથી એક્શન ફિલ્મો કરી રહેલો શાહિદ લાંબા સમયથી એક હળવા સબ્જેકટની શોધમાં હતો**

મુંબઈ, તા. ૭

શાહિદ કપૂર અને જાહ્નવી કપૂર એક રોમ કોમમાં સાથે કામ કરે તેવી શક્યતા છે. 'બધાઈ હો'ના ડિરેક્ટર અમિત શર્માએ તેમને એક ફિલ્મની ઓફર કરી છે. આ પ્રોજેક્ટ આગળ વધશે તો ફિલ્મી પડદે પહેલીવાર શાહિદ અને જાહ્નવીનુ કોલબરેશન જોવા મળશે. છેલ્લા કેટલાક સમયથી એક્શન ફિલ્મો કરી રહેલો શાહિદ લાંબા સમયથી એક હળવા સબ્જેકટની શોધમાં હતો. બીજી તરફ જાહ્નવી પણ બોલિવુડમાં કારકિર્દી સ્થિર થાય તેવી કોઈ સારી ફિલ્મ શોધી રહી છે. અમિત શર્માના પ્લાનિંગ પ્રમાણે ફિલ્મનું શૂટિંગ આગામી ઓક્ટોબરમાં શરુ થવાનું છે. હાલ ફિલ્મની સપોર્ટિંગ કાસ્ટને ફાઈનલ થઈ રહી છે. આ ફિલ્મને આવતાં વર્ષના મધ્યમાં રીલિઝ કરાશે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
MAHAJAN મહાજન કેટર્સ
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.



પરીખ હોન્ડા | રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.


શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilonidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com



ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254



જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ ફરસાણ (ધારીવાળા)


નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

### સેટેલાઈટ તસવીરોએ પોલ ખોલી

# 'ઈરાનના હવાઈ હુમલાઓમાં ૨૨૮ અમેરિકન સૈન્ય ઉપકરણો નષ્ટ'

## ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે અને ૪૦૦થી વધુ ઘાયલ થયા છે

તહેરાન, તા.૭

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ ચાલી રહ્યો છે પરંતુ છેડાયેલા ભીષણ યુદ્ધની હવે એક એવી સત્યતા સામે આવી છે જેણે દુનિયાને ચોંકાવી દીધી છે. સેટેલાઈટ તસવીરોના નવા વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે ઈરાને મધ્ય પૂર્વમાં સ્થિત અમેરિકન સૈન્ય મથકો પર અત્યાર સુધીના સૌથી ઘાતક હુમલા કર્યા છે.વોશિંગ્ટન પોસ્ટના રિપોર્ટ મુજબ યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછી 228 સૈન્ય સંરચનાઓ અને ઉપકરણો નાશ પામ્યા છે અથવા તેને ભારે નુકસાન થયું છે. આ સંખ્યા અમેરિકન સરકાર દ્વારા સત્તાવાર રીતે સ્વીકારવામાં આવેલા આંકડા કરતા ઘણી વધારે છે.ઈરાને આ હુમલાઓમાં માત્ર ઈમારતોને જ નિશાન બનાવી નથી, પરંતુ અમેરિકાની 'ડિજિટલ નર્વસ સિસ્ટમ' એટલે કે સંચાર અને સુરક્ષા તંત્ર પર સીધો હુમલો કર્યો છે. સેટેલાઈટ તસવીરોના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે તબાહ થયેલી વસ્તુઓમાં નીચેનાનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એર બેઝ પર ઈંધણ ભરનારા ટેન્કર અને E-3 સેન્ટ્રી એરક્રાફ્ટને નુકસાન થયું છે. કુવૈત અને બહેરીનમાં તૈનાત પેટ્રિયોટ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ અને જોર્ડન તથા UAE માં થાડ રડાર ઉપકરણોને નિશાન બનાવવામાં આવ્યા. અનેક સ્થળો પર ઈંધણ ડેપો, સૈનિકોના રહેવાના બેરેક, જીમ અને ડાઈનિંગ હોલ પણ કાટમાળમાં ફેરવાઈ ગયા છે. કતારના અલ-ઉદેદ એર બેઝ પર મહત્વપૂર્ણ સેટેલાઈટ સંચાર કેન્દ્રો અને રડારને ભારે ક્ષતિ પહોંચી છે.અભ્યાસમાં એ પણ સામે આવ્યું છે કે અમેરિકન વહીવટીતંત્રે આ નુકસાનને ઘણું ઓછું કરીને બતાવ્યું હતું. જ્યાં સરકારે જીતના દાવા કર્યા હતા, ત્યાં જમીની હકીકત એ છે કે બહેરીનમાં સ્થિત અમેરિકન નૌસેનાના 5મા કાફલાના મુખ્યાલય અને કુવૈતના ત્રણ મુખ્ય મથકો પર અડધાથી વધુ નુકસાન થયું છે. રિપોર્ટ અનુસાર, ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 7 અમેરિકન સૈનિકો માર્યા ગયા છે અને 400થી વધુ ઘાયલ થયા છે.સંરક્ષણ નિષ્ણાતોનું કહેવું છે કે ઈરાને જાણીજોઈને એવા સ્થળો પસંદ કર્યા જે અમેરિકા માટે વ્યૂહાત્મક રીતે સૌથી મોંઘા અને દુર્લભ છે. તેમણે સીધા રડાર એરિયા પર હુમલો કરવાને બદલે તે ઈમારતોને નિશાન બનાવી જ્યાં ડેટા પ્રોસેસિંગ, કૂલિંગ સિસ્ટમ અને વીજળી ઉત્પાદનની સુવિધાઓ હતી. આનો અર્થ એ છે કે જો રડાર સુરક્ષિત પણ રહે, તો તેમને ચલાવનારી સિસ્ટમ ખતમ થઈ ગઈ છે. વિશ્લેષક વિલિયમ ગુડહેન્ડના જણાવ્યા મુજબ ઈરાને 'સોફ્ટ ટાર્ગેટ' એટલે કે સૈનિકોના રહેઠાણોને પણ નિશાન બનાવ્યા જેથી વધુમાં વધુ નુકસાન પહોંચાડી શકાય. પેન્ટાગોન અનુસાર, આ યુદ્ધમાં અત્યાર સુધી અમેરિકાને લગભગ 25 બિલિયન ડોલરનો ખર્ચ ઉઠાવવો પડ્યો છે, પરંતુ ગુપ્ત સ્ત્રોતોનું માનવું છે કે વાસ્તવિક નુકસાન 40-50 બિલિયન ડોલર (આશરે 4 લાખ કરોડ રૂપિયા)ની આસપાસ હોઈ શકે છે. ભારે તબાહીને કારણે અમેરિકાને અનેક મથકો પર સ્ટાફ ઘટાડવો પડ્યો છે. જો કે રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પે વાતચીત દ્વારા કરારના પ્રયાસમાં કેટલાક સૈન્ય અભિયાનો રોકવાની વાત કરી છે, પરંતુ જમીન પર તણાવ ઓછો થવાના અણસાર દેખાઈ રહ્યા નથી.

### ભારતના ૩ હથિયારોનો દુનિયામાં વાગ્યો ડંકો

# બ્રહ્મોસના પ્રહારથી આજે પણ ધ્રૂજે છે પાકિસ્તાન

## ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની સૌથી ઘાતક મિસાઇલ બ્રહ્મોસનો પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૭

પહલગામ આતંકી હુમલાનો બદલો લેવા માટે ભારતે ગત વર્ષે પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું. આજે આ ઐતિહાસિક સૈન્ય કાર્યવાહીને એક વર્ષ પૂર્ણ થયું છે. ૭ મે, ૨૦૨૫ના રોજ ભારતીય સેનાએ PoK અને પાકિસ્તાનની અંદર ઘૂસીને કુલ ૯ આતંકી ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી દીધા હતા. આ પહેલીવાર હતું જ્યારે ભારતે પાકિસ્તાની સીમામાં આટલે ઊંડે સુધી જઈને પ્રહાર કર્યો હોય અને આશ્ચર્યની વાત એ હતી કે પાકિસ્તાનને આ હુમલાની કાનોકાન ખબર પણ પડી નહોતી.ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની સૌથી ઘાતક મિસાઈલ બ્રહ્મોસનો પહેલીવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. સુખોઈ ફાઈટર જેટીથી છોડવામાં આવેલી આ સુપરસોનિક મિસાઈલે પાકિસ્તાનમાં ભારે તબાહી મચાવી હતી. અવાજ કરતાં ત્રણ ગણી ઝડપે (૩૭૦૦ કિમી/કલાક) ગતિ કરતી આ મિસાઈલ એટલી નીચી ઊંચાઈએ ઊડે છે કે પાકિસ્તાની રડાર તેને પકડવામાં નિષ્ફળ રહી હતી. ૩૦૦ કિલો સુધીના વિસ્ફોટકો લઈ જવાની ક્ષમતા ધરાવતી આ મિસાઈલના ખૌફનો સ્વીકાર ખુદ પાક પીએમ શાહબાઝ શરીફે પણ કરવો પડ્યો હતો.

યુદ્ધ દરમિયાન ભારતની સ્વદેશી આકાશ એર ડિફેન્સ સિસ્ટમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ સિસ્ટમના કારણે પાકિસ્તાની ડ્રોન અને મિસાઈલો ભારતીય સરહદમાં પ્રવેશવાની હિંમત કરી શક્યા નહોતા. સપાટીથી હવામાં માર કરતી આ મિસાઈલ દુશ્મનના વિમાન કે ડ્રોનને હવામાં જ તોડી પાડવાની ૧૦૦ ટકા ક્ષમતા ધરાવે છે. તેની ૩૦૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપ અને એકસાથે અનેક લક્ષ્યોને વીંધવાની તાકાતે પાકિસ્તાની વાયુસેનાના હોંશ ઉડાવી દીધા હતા. ઓપરેશન દરમિયાન પિનાકા મલ્ટી બેરલ રોકેટ લોન્ચરનો ઉપયોગ કરવાની જરૂર પણ ન પડી, કારણ કે તેના બોર્ડર પર તહેનાત થવા માત્રથી પાકિસ્તાને હથિયાર હેઠા મૂકી દીધા હતા. આ સિસ્ટમ માત્ર ૪૪ સેકન્ડમાં ૭૨ રોકેટ છોડી શકે છે, જે દુશ્મનના ૧૦૦૦ ૮ ૮૦૦ મીટરના વિસ્તારને સંપૂર્ણપણે રાખમાં ફેરવી દેવાની શક્તિ ધરાવે છે. આ હથિયારની ક્ષમતા જોઈને ફ્રાન્સ અને આર્મેનિયા જેવા દેશો પણ તેને ખરીદવા માટે ઉત્સુક છે.

ઓપરેશન સિંદૂરની સફળતા બાદ દુનિયાભરમાં ભારતીય હથિયારોની માંગ વધી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનું ઘરેલું સંરક્ષણ ઉત્પાદન મહત્ત્વના સ્તરે પહોંચીને ૧.૫૪ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ આંકડાને સ્પર્શી ગયું છે. આ સાથે જ ભારતનો ડિફેન્સ એક્સપોર્ટ પણ વધીને ૩૮,૪૨૪ કરોડ રૂપિયા થયો છે. અમેરિકન પ્રમુખ હોય કે અન્ય દેશોના વડા, આજે દરેક ભારતીય ટેક્નોલોજી પર વિશ્વાસ મૂકી રહ્યા છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, ખાનગી કંપનીઓના સહયોગથી આજે ભારત રક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બની રહ્યું છે.

### TVK ને સરકાર માટે ન બોલાવવી જનાદેશનું અપમાન

# રાજ્યપાલની શરત પર DMK-MNM અને VCKનો વિજયને સાથ

## રાજ્યપાલ આર.વી. આર્લેકરે મુલાકાત દરમિયાન તેમને સરકાર બનાવતા પહેલા બહુમતી સાબિત કરવા કહ્યું હતું

ચેન્નાઈ, તા.૭

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી પણ રાજ્યમાં નવી સરકારની રચના અંગે હજુ પણ મૂંઝવણ છે. રાજ્યપાલ આર.વી. આર્લેકર દ્વારા ૧૦૮ બેઠકો જીતવા છતાં થલાપતિ વિજયની પાર્ટી તમિલગા વેટ્રી કઝગમ (ટીવીકે) ને સરકાર બનાવવા દેવાનો ઈનકાર કરવાથી હોબાળો મચી ગયો છે.

દરમિયાન, તમિલનાડુના ભૂતપૂર્વ શાસક પક્ષ ડીએમકે, કમલ હાસનના એમએનએમ, વીસીકે અને સીપીઆઈએ સાથે મળીને વિજય અને ટીવીકેને ટેકો આપ્યો છે. તમિલનાડુના રાજકીય પક્ષોએ રાજ્યપાલ દ્વારા વિજયને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવાના ઈનકારને જનાદેશનું અપમાન ગણાવ્યું છે.

હકીકતમાં, વિજયની તમિલગા વેટ્રી કઝગમ (TVK) વિધાનસભા ચૂંટણીમાં ૧૦૮ બેઠકો જીતીને રાજ્યની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી. જોકે, તમિલનાડુ વિધાનસભામાં બહુમતીનો આંકડો ૧૧૮ છે. વિજય હાલમાં સરકાર બનાવવા માટે જરૂરી ૧૧૮ બેઠકોથી ૧૦ બેઠકો ઓછી છે. જોકે, કોંગ્રેસ પાર્ટીના સમર્થનથી, TVK પાસે હવે કુલ ૧૧૩ ધારાસભ્યો છે, જે હજુ પણ બહુમતીથી ૫ બેઠકો ઓછી છે. આ પછી, તમિલનાડુના રાજ્યપાલ વિશ્વનાથ આર્લેકરે વિજયને પહેલા તેમની બહુમતી દર્શાવવા કહ્યું છે.

રાજ્યપાલ આર.વી. આર્લેકરે ગુરુવારે (૭ મે, ૨૦૨૬) ટીવીકેના વડા વિજય સાથેની મુલાકાત દરમિયાન તેમને સરકાર બનાવતા પહેલા બહુમતી સાબિત કરવા કહ્યું. વિજય અને તેમના અન્ય સમર્થક પક્ષોએ દલીલ કરી હતી કે, બંધારણ મુજબ, તેમણે (રાજ્યપાલ) પહેલા મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જોઈએ, ત્યારબાદ વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ થવો જોઈએ. દરમિયાન, એમએનએમના વડા અને અભિનેતા કમલ હાસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે વિજયને સરકાર બનાવવા માટે આમંત્રણ ન આપવું એ જાહેર જનાદેશનો અનાદર હશે. તેમણે કહ્યું, "તમિલનાડુના લોકોના નિર્ણયનું સન્માન કરવું જોઈએ. ટીવીકે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યો છે. આવી સ્થિતિમાં, વિજયને આમંત્રણ ન આપવું એ લોકશાહીને નબળી પાડવા સમાન હશે." તેમણે ડીએમકેના નેતા એમકે સ્ટાલિનની પણ પ્રશંસા કરી, જેમણે વિપક્ષમાં બેસવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

VCK ચીફ થોલ થિરુમાવલવને જણાવ્યું હતું કે રાજ્યપાલની માંગ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેમણે કહ્યું હતું કે વિજયને વિધાનસભામાં બહુમતી સાબિત કરવાની તક આપવી જોઈએ, તેના બદલે તેમને અગાઉથી તેમની સંખ્યા સાબિત કરવાની જરૂર છે. CPI તમિલનાડુના સચિવ એમ. વીરપાંડિયને એમ પણ કહ્યું હતું કે કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી અને TVK સૌથી મોટો પક્ષ છે, તેથી બંધારણીય સંમેલન સૂચવે છે કે વિજયને સરકાર બનાવવાની પ્રથમ તક આપવી જોઈએ.

DMK નેતા એ. સરવનને કહ્યું કે જ્યારે કોઈ પણ પૂર્વ ચૂંટણી ગઠબંધન પાસે બહુમતી ન હોય, ત્યારે સૌથી મોટા પક્ષને સરકાર બનાવવાની પહેલી તક મળવી જોઈએ. તેમણે કહ્યું કે હજુ સુધી કોઈ અન્ય પક્ષે સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો નથી, જ્યારે TVK એ રાજ્યપાલને ૧૧૩ ધારાસભ્યોના સમર્થન પત્રો સુપરત કર્યા છે.

### FIR દાખલ કરવાનો હાઈકોર્ટનો આદેશ

# CM પદના શપથ અગાઉ વધી TVK ચીફ વિજયની મુશ્કેલીઓ

## આવકવેરા વિભાગે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ વિજય સાથે જોડાયેલા સ્થળો પર સર્ચ અને જપ્તી કાર્યવાહી હાથ ધરી હતી

ચેન્નાઈ, તા.૭

મદ્રાસ હાઈકોર્ટમાં અભિનેતા અને તમિલગા વેટ્રી કઝગમ (ટીવીકે) ના વડા વિજય વિરુદ્ધ આવકવેરામાં ગેરરીતિના આરોપમાં એફઆઈઆર નોંધવાની માંગ કરતી રિટ અરજી દાખલ કરવામાં આવી છે. આ કેસ ૨૦૧૫ની ફિલ્મ પુલી સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. હાઈકોર્ટના રજિસ્ટ્રીએ બુધવારે (૬ મે, ૨૦૨૬) અરજીને નંબર આપ્યો હતો અને તેને જલદી મેન્ટેનેહબિલિટી (સ્વીકાર્યતા ના મુદ્દા પર ટૂંક સમયમાં સુનાવણી માટે સૂચિબદ્ધ થવાની અપેક્ષા છે.જોકે અરજી પહેલી વાર ગયા મહિને દાખલ કરવામાં આવી હતી પરંતુ રજિસ્ટ્રીએ શરૂઆતમાં તેને નંબર આપવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ ૮ એપ્રિલના રોજ મુખ્ય ન્યાયાધીશ સુશ્રુત અરવિંદ ધર્માધિકારી અને ન્યાયાધીશ જી. અરુલ મુરુગનની ડિવિઝન બેન્ચે રજિસ્ટ્રીને નિર્દેશ આપ્યા હતો કે અરજીને મેન્ટેનેબિલિટીના હેઠળ નંબર આપવામાં આવ્યો છે. અરજીમાં જણાવાયું છે કે ફિલ્મ પુલી રિલીઝ થયા પછી આવકવેરા વિભાગે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ વિજય સાથે જોડાયેલા સ્થળો પર સર્ચ અને જપ્તી કાર્યવાહી હાથ ધરી હતી. આ સમયગાળા દરમિયાન કથિત રીતે દસ્તાવેજો મળી આવ્યા હતા જે બિનહિસાબી રોકડ વ્યવહારો દર્શાવે છે.

દસ્તાવેજો અનુસાર, ફિલ્મના નિર્માતાઓ પી.ટી. સેલ્વકુમાર અને શિબૂ (SKT સ્ટુડિયો) એ વિજયને ૧૬ કરોડ રૂપિયાના ચેકના માધ્યમથી આપ્યા હતા અને આશરે ૪.૯૩ કરોડ રૂપિયા રોકડા આપ્યા હતા. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે TDS ફક્ત ચેક મારફતે આપવામાં આવેલા રૂપિયાનો જમા કરવામાં આવ્યો હતો, રોકડ ચુકવણી પર નહીં. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આવકવેરા તપાસ દરમિયાન વિજયની પૂછપરછ કરવામાં આવી હતી, જ્યાં તેણે કથિત રીતે આશરે ૫ કરોડ રૂપિયા રોકડમાં મેળવ્યા હોવાનું સ્વીકાર્યું હતું અને તેના પર કર ચૂકવવા સંમત થયા હતા.વધુમાં તેમણે ૨૦૧૫-૧૬ નાણાકીય વર્ષ માટે ૧૫ કરોડ રૂપિયાની વધારાની આવક જાહેર કરી હતી. બાદમાં, ૨૯ જુલાઈ, ૨૦૧૬ના રોજ વિજયે આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ માટે તેમનું આવકવેરા રિટર્ન ફાઈલ કર્યું હતું, જેમાં આ વધારાની આવકનો સમાવેશ થાય છે, જેમાં કુલ ૩૫.૪૨ કરોડ રૂપિયાની આવક જાહેર કરવામાં આવી હતી. રિટર્નમાં ૧૭.૮૧ લાખ રૂપિયાના ડિપ્રિસિએશન અને ૬૪.૭૧ લાખ રૂપિયાના ફેન્સ ક્લબ ખર્ચ પર છૂટનો દાવો કર્યો હતો. અરજીમાં હવે આવકવેરા કાર્યવાહીમાં બહાર આવેલા તથ્યોના આધારે વિજય સામે ફોજદારી કાર્યવાહી અને FIR નોંધવાની માંગ કરવામાં આવી છે.

# SBI ગ્રાહકો માટે મોટા સમાચાર, ૨૫ અને ૨૬ મેના રોજ બેંક હડતાળ

નવી દિલ્હી, તા.૭

ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના કર્મચારીઓએ પોતાની વિવિધ માંગણીઓને લઈને આક્રમક વલણ અપનાવ્યું છે. આગામી ૨૫ અને ૨૬ મેના રોજ દેશભરના SBI કર્મચારીઓ હડતાળ પર જશે, જેના કારણે બેંકિંગ સેવાઓ ખોરવાઈ શકે છે.

ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશન (AISBISF) એ મેસેન્જર અને આર્મ્ડ ગાર્ડ્સની ભરતી, આઉટસોર્સિંગ બંધ કરવા અને પેન્શન સંબંધિત વિસંગતતાઓને દૂર કરવા જેવી કુલ ૧૬ માંગણીઓ સાથે ૨૫ અને ૨૬ મે ૨૦૨૬ ના રોજ દેશવ્યાપી હડતાળનું એલાન આપ્યું છે. જો આ તારીખો દરમિયાન જાહેર રજા હશે, તો હડતાળ ૨૭ મે સુધી લંબાવવામાં આવશે.

ફેડરેશનના જણાવ્યા અનુસાર, બેંકમાં કાયમી નોકરીઓનું આઉટસોર્સિંગ કરવામાં આવી રહ્યું છે, જે કર્મચારીઓની સુરક્ષા અને ભવિષ્ય માટે ખતરો છે. છેલ્લા ત્રણ દાયકાથી સબોર્ડિનેટ કેડરમાં નવી ભરતીઓ બંધ હોવાથી કર્મચારીઓ પર કામનું ભારણ વધ્યું છે. ખાસ કરીને સુરતની જીૈ બ્રાન્ડમાં થયેલી લૂંટની ઘટનાનો ઉલ્લેખ કરતા યુનિયને આર્મ્ડ ગાર્ડ્સની ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની માંગ કરી છે. બીજો મુખ્ય મુદ્દો NPS (નેશનલ પેન્શન સિસ્ટમ) હેઠળના કર્મચારીઓનો છે. તેમને પેન્શન ફંડ મેનેજર બદલવાનો વિકલ્પ આપવામાં આવતો નથી, જે અન્ય જાહેર ક્ષેત્રની બેંકોમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત, વેતન વધારામાં પણ વિસંગતતાનો આરોપ લગાવાયો છે. યુનિયન મુજબ, અધિકારીઓને વેતનમાં આશરે ૨૨% નો વધારો મળ્યો છે, જ્યારે કામદારો માટે તે માત્ર ૧૭% પર જ સીમિત રાખવામાં આવ્યો છે.

### PAKને આપ્યો કડક સંદેશ

# ઓપરેશન સિંદૂરની પહેલી વર્ષગાંઠ પર પીએમ મોદીએ પોતાનું ડીપી બદલ્યું

## પ્રધાનમંત્રીના નવા ડિસ્પ્લે પિક્ચરમાં ભારતીય ત્રિરંગા સાથે ઓપરેશન સિંદૂરનો સત્તાવાર લોગો મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાનો પ્રોફાઈલ પિક્ચર (DP) બદલ્યો છે, ઉલ્લેખનિય છે કે, ૨૦૨૫ માં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલી નિર્ણાયક લશ્કરી કાર્યવાહી ઓપરેશન સિંદૂરને આજે એક વર્ષ પૂર્ણ થયું છે, આ સમયે પ્રધાનમંત્રીના નવા ડિસ્પ્લે પિક્ચરમાં ભારતીય ત્રિરંગા સાથે ઓપરેશન સિંદૂરનો સત્તાવાર લોગો મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યો છે. આ સાથે તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કર્યું કે, દરેક દેશવાસીને તેની અદમ્ય હિંમત, નિશ્ચય અને ફરજ પ્રત્યેની નિષ્ઠા પર ગર્વ છે. આ ઓપરેશન ૭ મે, ૨૦૨૫ ના રોજ પહેલગામમાં થયેલા મોટા આતંકવાદી હુમલાના નિર્ણાયક અને આક્રમક લશ્કરી પ્રતિભાવ તરીકે શરૂ કરવામાં આવ્યું હતું.આ ઓપરેશનમાં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા ખૂબ જ સંકલિત અને સચોટ હુમલાઓ કરવામાં આવ્યા હતા, જેમાં સરહદ પાર સ્થિત અસંખ્ય આતંકવાદી મુખ્યાલયો અને લોન્ચપેડને સફળતાપૂર્વક નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેનો નાશ કરવામાં આવ્યો હતો.

ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેના અને વાયુસેનાની ચોકસાઈ અને આક્રમકતા અભૂતપૂર્વ હતી. આ ઓપરેશન ૬ અને ૭ મેની રાત્રે શરૂ થયું હતું, જ્યારે ભારતીય વાયુસેનાએ માત્ર ૨૩ મિનિટમાં પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો, જેમાં લગભગ ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જવાબમાં, ૮ મેના રોજ, પાકિસ્તાને ગુજરાતથી કચ્છ સુધી ૧૦૦૦ ડ્રોનનો ઉપયોગ કરીને હુમલો કરવાનો પ્રયાસ કર્યો.

ભારતીય સશસ્ત્ર દળોના "ઓપરેશન સિંદૂર"ની પ્રથમ વર્ષગાંઠ પર પાકિસ્તાની સેનાએ ભારતને ગીદડભભકી આપી છે. પાકિસ્તાનની સેનાની પ્રોપેગન્ડા વિંગ ISPRએ કહ્યું કે, પાકિસ્તાન વિરુદ્ધ દુશ્મનની કોઈપણ સાજિશનો જવાબ વધુ શક્તિ, ચોકસાઈ અને દ્રઢ ઈરાદા સાથે આપવામાં આવશે, જે દુશ્મને 'મારકા-એ-હક' દરમિયાન જોયું હતું? ગયા વર્ષે મે મહિનાની શરૂઆતમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૮૮ કલાક સુધી તીવ્ર સૈન્ય સંઘર્ષ થયો હતો? પાકિસ્તાન સરકારે તેને "મારકા-એ-હક" (સત્યની લડાઈ) નામ આપ્યું છે.ભારતે ગયા વર્ષે ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ૭ મે ૨૦૨૫ના રોજ "ઓપરેશન સિંદૂર" શરૂ કર્યું હતું? તેના અંતર્ગત ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજાવાળા કાશ્મીર (PoK)માં રહેલા આતંકવાદીઓ વિરુદ્ધ ચોક્કસ હવાઈ હુમલા કર્યા હતા? ત્યારબાદ પાકિસ્તાની સેનાએ ભારત સામે હુમલા કર્યા, જેના કારણે બંને દેશો વચ્ચે તીવ્ર સૈન્ય અથડામણ શરૂ થઈ ગઈ હતી, જે ૧૦ મેના રોજ થયેલા સીઝફાયર સાથે સમાપ્ત થઈ હતી

### નીતિશ કુમારના પુત્ર નિશાંત બન્યા મંત્રી

# બિહારમાં "સમ્રાટ" સેના તૈયાર, PM મોદીની હાજરીમાં શપથવિધિ

## કુલ ૩૨ મંત્રીઓએ પદ અને ગોપનીયતાના શપથ લીધા

પટના, તા.૭

બિહારની રાજકારણમાં આજે એક નવો અધ્યાય લખાયો છે. પટનાના ગાંધી મેદાનમાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું. આ ભવ્ય સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની વિશેષ ઉપસ્થિતિમાં કુલ ૩૨ મંત્રીઓએ પદ અને ગોપનીયતાના શપથ લીધા હતા. શાસક ગઠબંધનમાં સંતુલન જાળવવા માટે ભાજપ અને જેડીયુ વચ્ચે બરાબરની ભાગીદારી રાખવામાં આવી છે. શપથ લેનારા ૩૨ મંત્રીઓમાં:

BJP: ૧૬ મંત્રીઓ (મુખ્યમંત્રી સહિત)JDU: ૧૬ મંત્રીઓ

આ ઉપરાંત HAM (સંતોષ સુમન) અને LJP(R)ના ક્વોટામાંથી પણ ધારાસભ્યોને સ્થાન મળ્યું છે.

આ શપથ ગ્રહણ સમારોહનું સૌથી મોટું આકર્ષણ પૂર્વ મુખ્યમંત્રી નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમાર રહ્યા હતા. નિશાંત કુમારે જેડીયુ ક્વોટામાંથી મંત્રી તરીકે શપથ લીધા છે. શપથ ગ્રહણ પહેલા તેમણે મંચ પર પોતાના પિતા નીતીશ કુમારના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા. નિશાંતની સાથે વિજય સિંહા, શ્રવણ કુમાર, લેસી સિંહ અને દિલીપ જયસ્વાલ જેવા દિગ્ગજોએ પણ શપથ ગ્રહણ કર્યા છે.

કેબિનેટ વિસ્તરણના મુખ્ય ચહેરાઓ BJP ક્વોટાઃ રામ કૃપાલ યાદવ, કેદાર ગુપ્તા, નીતીશ મિશ્રા, વિજય કુમાર સિંહા, પ્રમોદ ચંદ્રવંશી, સંજય ટાઈગર અને કુમાર શૈલેન્દ્ર વગેરે.

JDU ક્વોટાઃ નિશાંત કુમાર, મદન સાહની, લેસી સિંહ, શ્વેતા ગુપ્તા (નવો ચહેરો), અશોક ચૌધરી અને રત્નેશ સદા વગેરે.

### ભાજપની આંખોમાં દીદી ખૂંચે છે : અખિલેશ યાદવ

# 'દીદી, તમે હાર્યા નથી' અખિલેશે મમતા બેનરજીને આપી સાંત્વના

## પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે કોલકાતામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે મુલાકાત કરી

કોલકાતા, તા.૭

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે (૭ મે) કોલકાતામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન સપા પ્રમુખ અખિલેશ યાદવે મમતા બેનર્જીને સાંત્વના આપતા કહ્યું હતું કે, 'દીદી, તમે હાર્યા નથી.' આ દરમિયાન ટીએમસી સાંસદ અભિષેક બેનર્જી પણ હાજર હતા અને તેમણે અખિલેશ યાદવનું ગળે મળીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ અગાઉ કોલકાતા પહોંચેલા અખિલેશ યાદવે એરપોર્ટ પર મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, 'બંગાળમાં જે થયું, તેનાથી લોકશાહીને નષ્ટ કરવાનો રસ્તો બન્યો છે. લોકશાહીને જેટલું નુકસાન ભાજપે પહોંચાડ્યું છે, તેવું નુકસાન કદાચ અન્ય કોઈએ કર્યું નથી. ભાજપની આંખોમાં દીદી ખૂંચે છે કારણ કે તેઓ નારી શક્તિને ક્યારેય આગળ વધતી જોઈ શકતા નથી. અહીં મતદાન ચોક્કસ થયું છે, પરંતુ લોકોએ પોતાની સ્વેચ્છાએ ઓછું અને દબાણ હેઠળ વધારે મતદાન કર્યું છે.'

અખિલેશે વધુમાં કહ્યું કે, 'ભાજપની આંખોમાં દીદી એટલે ખૂંચે છે કારણ કે તે દેશની અડધી આબાદી એટલે કે મહિલાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ભાજપની વિચારધારા સામંતશાહી છે અને તેમના સાથીદારો પુરુષવાદી માનસિકતા ધરાવે છે, જેઓ મહિલાઓને પ્રગતિ કરતા જોઈ શકતા નથી.

અખિલેશે વધુમાં ઉમેર્યું હતું કે જે સંસ્થાઓનું કામ નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું હતું, તે તમામ સંસ્થાઓએ પોતાની વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. તેમણે ઉત્તર પ્રદેશની પેટાચૂંટણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ત્યાં પણ સુરક્ષા દળોનો ઉપયોગ કરીને લોકોને મતદાન કરતા અટકાવવામાં આવ્યા હતા. બંગાળમાં પણ લોકશાહીને ખતમ કરવાનો રસ્તો શોધવામાં આવ્યો છે.પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપે ૨૦૭ બેઠકો પર જીત મેળવીને પ્રચંડ બહુમતી હાંસલ કરી છે, જ્યારે મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીને માત્ર ૮૦ બેઠકો મળી છે. ભાજપની આ મોટી જીત છતાં મમતા બેનર્જીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

### રાજ્યસભામાં ગુજરાતમાંથી નહીં હોય એક પણ સાંસદ

# ૬૬ વર્ષમાં પહેલીવાર કોંગ્રેસને આટલો મોટો ઝટકો!

## અત્યારે રાજ્યસભામાં સાંસદ શક્તિસિંહ ગોહિલ છે, કોંગ્રેસના સાંસદ શક્તિસિંહનો કાર્યકાળ ૨૧ જૂને પૂરો થઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૭

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. બીજી તરફ કોંગ્રેસનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું. તે ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર ૧૭ બેઠકો જીતી શકી હતી. ત્યારબાદ પણ ઘણા ધારાસભ્યોએ કોંગ્રેસ છોડી દીધી.

જેના કારણે ગુજરાતમાં કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા હવે માત્ર ૧૨ રહી ગઈ છે. જેની અસર આગામી રાજ્યસભા ચૂંટણીમાં જોવા મળશે. રાજ્યસભામાં કોંગ્રેસ પાર્ટીની છેલ્લી બચેલી હાજરી પણ હવે ખતમ થવાને આરે છે. વર્તમાન સમીકરણો પર નજર કરીએ તો, આગામી રાજ્યસભા ચૂંટણી પ્રક્રિયા બાદ ગુજરાતમાંથી કોંગ્રેસનો એક પણ સાંસદ ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાં રહેશે નહીં. આવું લગભગ ૬૬ વર્ષ બાદ થવા જઈ રહ્યું છે.અત્યારે રાજ્યસભામાં ગુજરાતમાંથી કોંગ્રેસના એકમાત્ર સાંસદ શક્તિસિંહ ગોહિલ છે. કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ ૨૧ જૂને પૂરો થઈ રહ્યો છે. તેની સાથે જ ગુજરાતમાંથી રાજ્યસભામાં કોંગ્રેસની છેલ્લી બેઠક પણ ખાલી થઈ જશે. વર્તમાન વિધાનસભાના ગણિતને જોતા પાર્ટી માટે નવી બેઠક જીતવી લગભગ અશક્ય છે. વાસ્તવમાં કોંગ્રેસ પાસે હવે રાજ્યમાં માત્ર ૧૨ ધારાસભ્યો છે. આવી સ્થિતિમાં રાજ્યસભાની ચારેય બેઠકો પર ભાજપની જીત લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે. કોંગ્રેસ માટે એક પણ બેઠક જીતવી મુશ્કેલ છે. ભાજપ પાસે અત્યારે ૧૬૨ ધારાસભ્યો છે.રાજ્યસભાની ચૂંટણીમાં ચાર બેઠકો જીતવા માટે અંદાજે ૧૪૪ મતોની જરૂર પડશે અને ભાજપ આ આંકડો આરામથી પાર કરી શકે છે. કારણ કે ગુજરાત વિધાનસભામાં ભાજપ પાસે ૧૬૦થી વધુ ધારાસભ્યોનું સંખ્યાબળ છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી અને અપક્ષ ધારાસભ્યોની સંખ્યા ચૂંટણી પરિણામો પર કોઈ ખાસ અસર પાડતી દેખાતી નથી. જે ચાર બેઠકો પર ચૂંટણી થવાની છે તેમાં ભાજપના સાંસદ નરહરિ અમીન, રામ મોકરિયા અને રમીલાબેન બારાની બેઠકો સામેલ છે. ચોથી બેઠક કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલની છે. આ તમામ સાંસદોનો કાર્યકાળ પૂરો થવા જઈ રહ્યો છે. ત્યારબાદ આ બેઠકો માટે ચૂંટણી યોજાશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મે-જૂનમાં દેશભરના વિવિધ રાજ્યોમાં રાજ્યસભાની ૨૬ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે.

### હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ જણાવ્યું

# ૧૨મી મે સુધી યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી

## જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદામાં વરસાદની આગાહી

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં ચોમાસા પહેલાં જ મે મહિનામાં વરસાદી ગતિવિધિ શરૂ થઈ જતી હોય છે અને ઉનાળા દરમિયાન ગાજવીજ સાથે વરસાદ પડતો હોય છે. હાલની સ્થિતિ પ્રમાણે ગુજરાતમાં પાંચ સિસ્ટમ અસર કરી રહી છે. અરબી સમુદ્ર પરથી આવતા ભેજવાળા પવનો વરસાદી ગતિવિધિને મદદ કરી રહ્યા છે. આગામી ૪૮ કલાક બાદ ગરમીનું પ્રમાણ વધવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગે આજે આપેલી આગાહીમાં વરસાદ અને હીટવેવની આગાહી આપી છે.

અમદાવાદના હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, બુધવારે ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડ્યો હતો. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં અને દીવ, દમણ, દાદરા નગર હવેલીમાં હવામાન શુષ્ક રહ્યું હતું. આ સાથે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે. બાકીના પ્રદેશમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્યથી નીચે હતું; સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં સામાન્યથી ઉપર હતું; બાકીના પ્રદેશમાં સામાન્ય હતું. ગુજરાતમાં બુધવારે સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૪૨.૯ ડિગ્રી સે. નોંધાયું હતું.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના જણાવ્યા પ્રમાણે, આજે ૮મી તારીખના રોજ જુનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં છૂટાછવાયા સ્થળો પર વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, નવમી તારીખે કચ્છ, રાજકોટ, દેવભૂમિ દ્વારકામાં યલો એલર્ટ સાથે હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. ૧૦મી તારીખે કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, વડોદરા, સુરતમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે.

૧૧મી તારીખના રોજ બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, સુરતમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે. ૧૨મી તારીખના રોજ બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, દ્વારકા, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે. ૧૩મી તારીખે બનાસકાંઠા, પાટણ અને દેવભૂમિ દ્વારકામાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે.

### દરોડાની કાર્યવાહી યથાવત્

# હવે ભગવંત માનના ખાસને ત્યાં ED ત્રાટકી, નોટો ભરેલા બેગ મળ્યા

## ED એ ભગવંત માનના OSD(ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી)ના નજીકના સહયોગીઓ પર ગાળિયો કસ્યો છે

ચંદીગઢ, તા.૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે(ED) ગુરુવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના OSD(ઑફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી)ના નજીકના સહયોગીઓ પર ગાળિયો કસ્યો છે. પંજાબના SAS નગર અને ચંદીગઢ સ્થિત ત્રણ સ્થળો ઉપરાંત કુલ ૧૨ જગ્યાએ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ખરડ સ્થિત એક રહેણાંક સોસાયટી વેસ્ટર્ન ટાવર્સમાં દરોડા દરમિયાન, EDએ બે બેગ જપ્ત કરી હતી, જેમાં કથિત રીતે આશરે ૨૦ લાખ રૂપિયા રોકડા હતા. આ બેગ ઈમારતના નવમા માળેથી નીચે ફેંકી દેવામાં આવી હતી. મહત્ત્વનું છે કે EDએ સનટેક સિટી પ્રોજેક્ટના સંદર્ભમાં મોહાલી અને ચંદીગઢમાં ૧૨ સ્થળો પર સર્ચ હાથ ધર્યું છે. આ કેસમાં કથિત રીતે અજય સહગલ, ABS ટાઉનશીપ્સ પ્રાયવેટ લિમિટેડ, એટલાસ બિલ્ડર્સ, ધીર કન્સ્ટ્રક્શન અને તેમના સહયોગીઓ સામેલ છે. તેમના પર GMADA પાસેથી CLU લાયસન્સ મેળવવામાં મોટા પાયે છેતરપિંડી કરવાનો અને જનતાને છેતરીને સેંકડો કરોડ રૂપિયા ઠગવાનો આરોપ છે.આ તપાસ દરમિયાન ઈડીના અધિકારીઓએ ખરડ પાસે છજ્જૂ માજરા સ્થિત વેસ્ટર્ન ટાવર્સના ફ્લેટ નંબર ૯૦૬માં ગઈ હતી. તરત જ રોકડથી ભરેલી તે બેગને પોતાના કબજામાં લીધી હતી. એક અધિકારીએ જણાવ્યું કે, 'ફ્લેટમાં હાજર લોકોએ તાત્કાલિક રોકડથી ભરેલી બે બેગ નીચે જમીન પર ફેંકી દીધી હતી. ઈડીના અધિકારીઓએ તરત જ તે બેગને પોતાના કબજામાં લીધી અને સ્થળ પર વિખરાયેલા નોટોના બંડલો એકઠા કરી લીધા હતા.'હાલ ED નીતિન ગોહલના અનેક સ્થળો પર પણ તપાસ કરી રહી છે, કારણ કે તેમના પર કથિત આરોપ છે કે તેઓ એવા બિલ્ડરોને મદદ કરી રહ્યા છે જેમણે GMADAની ફી ચૂકવી નથી અને તેઓ તેમના માટે રાજકીય સંરક્ષણની વ્યવસ્થા કરી રહ્યા છે. તેઓ મુખ્યમંત્રી ભગવંત માનના OSD રાજબીર ઘુમનના નજીકના સહયોગી છે. નીતિન ગોહલ પર પંજાબ CMO વતી એક સંપર્ક અધિકારી તરીકે કામ કરવાની પણ શંકા છે.

### IMFની ચેતવણી

# 'ભારતે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા જ પડશે, નહીંતર અર્થતંત્ર પર અસર થશે'

## ઇરાન અને અમેરિકા વચ્ચે ચાલતા તનાવના લીધે ક્રૂડ ઓઇલના પુરવઠા પર અસર પડી છે. તેના લીધે ક્રૂડની કિંમત સતત વધી રહી છે

નવી દિલ્હી, તા.૭

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધની વચ્ચે ક્રૂડ ઓઈલની કિંમતમાં નોંધપાત્ર વધારો થયો છે. આ દરમિયાન આઈએમએફ (ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ)ના એશિયા પેસિફિક વિભાગના ડિરેક્ટર કૃષ્ણ નિવાસને જણાવ્યું છે કે ભારત સરકારે વહેલા કે મોડા ભાવ વધારવા જ પડશે, જો નહીં વધારે તો અર્થતંત્ર પર અસર પડશે. તેની વચ્ચે ભારત સરકારે ભાવમાં વધારો નહી કરવાનું રટણ જારી રાખ્યું છે.તેમનું કહેવું છે કે ભારતે આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો કરવા પર ધ્યાન આપવું પડશે. તેમણે જણાવ્યું હતું કે જો ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થયો હોવા છતાં તેના ભાવમાં વધારો કરવામાં ન આવ્યો તો તેની સીધી અસર બજાર પર પડશે. તેમણ એમ પણ જણાવ્યું હતું કે જો ખાતરની કિંમત ઘટાડવામાં આવે તો લોકોના ખિસ્સા પર ઓછી અસર પડશે.ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલતા તનાવના લીધે ક્રૂડ ઓઈલના પુરવઠા પર અસર પડી છે. તેના લીધે ક્રૂડની કિંમત સતત વધી રહી છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિ બેરલ ૧૧૦ ડોલર ઉપર ટ્રેડ થઈ રહી છે. ૩૦ એપ્રિલ સુધી ભારતના ક્રૂડ બાસ્કેટ પ્રતિ બેરલ ૧૧૮.૭૦ ડોલરના હિસાબે ચાલી રહ્યું હતું. મધ્યપૂર્વનો તનાવ ફેબ્રુઆરી ૨૦૨૬થી ચાલી રહ્યો છે. તેના કારણે ફક્ત પેટ્રોલ-ડીઝલ જ નહીં કોમર્સિયલ અને ગેસના બાટલાના ભાવમાં પણ વધારો થયો છે. ફક્ત એટલું જ નહીં દેશભરના લોકો તેની કમીનો સામનો કરી રહ્યા છે. આવામાં આઈએમએફ તરફથી આવેલું નિવેદન ઊંઘ ઉડાડી દેનારું છે.

### કારમી હાર બાદ કોંગ્રેસમાં શિસ્તના નામે સફાઈ અભિયાન

# ગાંધીનગર કોંગ્રેસમાં ૨૦ સભ્યોને ઘરભેગા કરાયા

## ચૂંટણીમાં હાર માટે જવાબદારી સ્વીકારવાને બદલે પક્ષે હવે કાર્યકરો પર દોષનો ટોપલો ઢોળવાનું શરૂ કર્યું હોય તેમ જણાય છે

ગાંધીનગર,તા.૭

રાજ્યમાં સ્થાનિક ચૂંટણીમાં સુપડા સાફ થતાં કોંગ્રેસે શિસ્તભંગનું હથિયાર ઉગામ્યું છે. જેમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ૨૦ કાર્યકરોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવાના આદેશ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવ્યા છે. ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬માં કોંગ્રેસના દેખાવ બાદ હવે પક્ષમાં આંતરકલહ સપાટી પર આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ભાજપના ભવ્ય વિજય અને કોંગ્રેસના રકાસ બાદ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ આકરા પગલાં ભરવાની શરૂઆત કરી છે. ચૂંટણીમાં હાર માટે જવાબદારી સ્વીકારવાને બદલે પક્ષે હવે કાર્યકરો પર દોષનો ટોપલો ઢોળવાનું શરૂ કર્યું હોય તેમ જણાય છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકી દ્વારા એક સત્તાવાર પત્ર જાહેર કરીને ૨૦ જેટલાં પદાધિકારીઓ અને કાર્યકરોને પક્ષના પ્રાથમિક સભ્યપદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ પત્રમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, આ સભ્યોએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી છે અને કોંગ્રેસના માન્ય ઉમેદવારોને નુકસાન પહોંચાડ્યું છે. સસ્પેન્ડ થયેલા સભ્યોમાં દહેગામ, માણસા અને કલોલ વિસ્તારના અગ્રણીઓનો સમાવેશ થાય છે.

કોંગ્રેસની આ હાર પાછળ સંગઠનની નબળાઈ અને નેતૃત્વનો અભાવ મુખ્ય કારણો છે. જોકે, પક્ષે આત્મમંથન કરવાને બદલે પાયાના કાર્યકરોને નિશાન બનાવ્યા છે. એકસાથે ૨૦ સભ્યોને દૂર કરવાથી આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસનું માળખું વધુ નબળું પડી શકે છે. સસ્પેન્ડ થયેલા કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેઓનું કહેવું છે કે, 'પક્ષના ઉચ્ચ નેતૃત્વની નિષ્ફળતાને છુપાવવા માટે અમને બલિનો બકરો બનાવવામાં આવ્યા છે.'

આ યાદીમાં જગતસિંહ ચૌહાણ (દહેગામ), દિપાબહેન ઠાકોર (માણસા), અને ફરીદાબાનુ મલેક (કલોલ) જેવા નામોનો સમાવેશ થાય છે. આ તમામ સભ્યો હવે આગામી સમયમાં શું રણનીતિ અપનાવે છે તેના પર સૌની નજર રહેશે.

### અમેરિકામાં ભારતીય કેરીનો જબરદસ્ત ક્રેઝ!

# સ્ટોરમાં માલ પહોંચતા જ માત્ર ૨૦ મિનિટમાં પેટીઓ ખાલી

## ઘણા લોકો તો સ્ટોરની બહાર પહેલેથી જ રાહ જોતા જોવા મળે છે, તો કેટલાક લોકો કેરીનું એડવાન્સ બુકિંગ પણ કરી રહ્યા છે

વોશિંગ્ટન, તા.૭

અમેરિકામાં આજકાલ ભારતીય કેરીઓ, ખાસ કરીને Alphonso એટલે કે હાફૂસ અને કેસર કેરીની જબરદસ્ત માંગ જોવા મળી રહી છે. અહેવાલો મુજબ, ઘણા સુપરમાર્કેટમાં કેરીનો જથ્થો પહોંચતા જ લોકોની ભારે ભીડ ઉમટી પડે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, એક સ્ટોરમાં સાંજે ૪:૫૬ વાગ્યે કેરી પહોંચી અને માત્ર ૨૦ મિનિટ પછી એટલે કે ૫:૧૬ સુધીમાં બધી પેટીઓ ખાલી થઈ ગઈ. લોકો મજાકમાં કહી રહ્યા છે કે, અમેરિકામાં સારી ભારતીય કેરી મળવી એ કોઈ ખજાનાથી ઓછું નથી. ઘણા લોકો તો તાજી કેરી ખરીદવા માટે સ્ટોરની બહાર પહેલેથી જ રાહ જોતા જોવા મળે છે. તો કેટલાક લોકો કેરીનું એડવાન્સ બુકિંગ પણ કરી રહ્યા છે.આખરે ભારતીય કેરીઓમાં એવું શું ખાસ છે? ભારતીય કેરીઓનો સ્વાદ દુનિયાની બીજી કેરીઓ કરતા ઘણો અલગ માનવામાં આવે છે. હાફૂસ તેની મીઠાશ અને સુગંધ માટે મશહૂર છે, જ્યારે કેસર કેરીનો સ્વાદ ખૂબ જ રિચ અને રસદાર હોય છે. આ જ કારણ છે કે, એકવાર જેણે આનો સ્વાદ ચાખી લીધો, તે ફરીથી તેને શોધવા લાગે છે. વિદેશમાં રહેતા ભારતીયો માટે કેરી માત્ર ફળ નથી, પરંતુ બાળપણ અને ઘરની યાદો પણ છે. તો વિદેશી લોકો પણ હવે ભારતીય કેરીના સ્વાદના દીવાના થતા જાય છે. રસપ્રદ વાત એ છે કે, ભારત દુનિયાની લગભગ અડધી કેરી એકલું પેદા કરે છે. દર વર્ષે આશરે ૨ કરોડ મેટ્રિક ટન કેરીનું ઉત્પાદન થાય છે. પરંતુ તેનો મોટાભાગનો હિસ્સો ભારતમાં જ ખાઈ લેવામાં આવે છે અને માત્ર ખૂબ જ ઓછી માત્રા વિદેશ મોકલવામાં આવે છે. આ જ કારણ છે કે, અમેરિકા જેવા દેશોમાં ભારતીય કેરી સરળતાથી ઉપલબ્ધ થઈ શકતી નથી. મર્યાદિત સપ્લાય હોવાને કારણે ત્યાં તેની કિંમત પણ ઘણી વધારે રહે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લોકો કેરીના જથ્થાને ટ્રેક કરી રહ્યા છે. કેરીનું એડવાન્સ બુકિંગ થઈ રહ્યું છે અને દુકાનમાં પહોંચતા પહેલા જ આખો સ્ટોક વેચાઈ જાય છે. લોકો ૧૦થી ૧૨ કેરીના એક બોક્સ માટે આશરે ૫૬૦૦ રૂપિયા સુધી આપવા તૈયાર છે. આ જ બોક્સ ગયા વર્ષે લગભગ ૩૭૦૦થી ૪૨૦૦ રૂપિયામાં મળી રહ્યું હતું. એટલે કે કેરીની કિંમતમાં આશરે ૩૩% સુધીનો વધારો થયો છે. અહેવાલોમાં આનું મોટું કારણ ઈરાન યુદ્ધને માનવામાં આવી રહ્યું છે.વર્ષ ૨૦૦૬માં ભારત અને અમેરિકા વચ્ચે થયેલી એક ડીલ પછી ભારતીય કેરીઓ પર લાગેલો લાંબો પ્રતિબંધ હટાવવામાં આવ્યો હતો. ત્યારબાદ આશા રાખવામાં આવી રહી હતી કે, અમેરિકન બજારમાં ભારતીય કેરીઓની ભરમાર હશે, પરંતુ આજે પણ ત્યાં સપ્લાય અત્યંત મર્યાદિત છે. ઘણા લોકો ફરિયાદ કરે છે કે, લાંબુ અંતર કાપવાને કારણે અમેરિકા પહોંચતા-પહોંચતા કેરીની ક્વોલિટી પર અસર પડે છે. તેમ છતાં ભારતીય કેરીનો ક્રેઝ ઓછો થયો નથી. ભારતમાં કેરીને એમ જ ફળોનો રાજા કહેવામાં આવતી નથી. તે સ્વાદ, સુગંધ અને લાગણીઓનું એવું મિશ્રણ છે, જેનાથી દરેક ભારતીય જોડાયેલો છે. હવે આ જ દેશી મીઠાશ દુનિયાના બીજા દેશોમાં પણ લોકોને પોતાની તરફ ખેંચી રહી છે. અમેરિકામાં ભારતીય કેરીઓ માટે લાગી રહેલી લાંબી લાઈનો એ વાતનો પુરાવો છે કે ભારતીય કેરી હવે માત્ર ભારતમાં જ નહીં પરંતુ એક ગ્લોબલ સ્વાદ બની ચૂકી છે.

### વેપારીઓએ DEO પાસે ખોલ્યો મોરચો

# સ્ટેશનરી અને પુસ્તકો ફરજિયાત ખરીદવા વાલીઓ પર દબાણ

## શાળાઓમાં વેચાતા સામાનના યોગ્ય બિલ આપવામાં આવતા નથી

નવસારી,તા.૭

નવસારી શહેરમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલાં જ ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને સ્ટેશનરી અને પ્રાઈવેટ પબ્લિકેશનના પુસ્તકો ફરજિયાત વેચાણ કરાવવાના મુદ્દે ભારે વિવાદ ઊભો થયો છે. ''ભણતર''ના નામે ચાલી રહેલી આ વ્યવસાયિક પ્રવૃત્તિ સામે હવે સ્ટેશનરી વેપારીઓએ ખુલ્લો મોરચો ખોલ્યો છે. નવસારી સ્ટેશનરી મર્ચન્ટ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી (DEO) સમક્ષ રજૂઆત કરીને શાળાઓમાં ચાલતા આ કથિત ગેરકાયદેસર વેચાણને તાત્કાલિક બંધ કરાવવા માંગ ઉઠાવવામાં આવી છે. એસોસિએશનના આગેવાનોના જણાવ્યા મુજબ નવસારી તેમજ આસપાસની અનેક ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓને સીધા જ નોટબુક, સ્ટેશનરી અને પ્રાઈવેટ પબ્લિકેશનના પુસ્તકો વેચી રહી છે. કેટલીક શાળાઓ તો ફીમાં જ કીટ ''વિનામૂલ્યે'' આપવાનો દાવો કરીને વાલીઓને ભ્રમિત કરી રહી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.વેપારીઓનો આરોપ છે કે શાળાઓ દ્વારા ચોક્કસ સ્થળેથી જ સામાન ખરીદવા દબાણ કરાય છે, જેના કારણે વાલીઓ મોંઘા ભાવે વસ્તુઓ ખરીદવા મજબૂર બની રહ્યા છે.વેપારીઓએ વધુમાં આક્ષેપ કર્યો કે શાળાઓમાં વેચાતા સામાનના યોગ્ય બિલ આપવામાં આવતા નથી, જેના કારણે સરકારને ટેક્સની આવકમાં પણ નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ, વર્ષોથી આ વ્યવસાય સાથે જોડાયેલા નાના સ્ટેશનરી વેપારીઓની આજીવિકા પર ગંભીર અસર પડી રહી છે. શહેરમાં ૮૦થી વધુ સ્ટેશનરી અને પાઠ્યપુસ્તક વેચનાર દુકાનો હોવા છતાં છેલ્લા કેટલાક વર્ષોમાં તેમનો ધંધો અંદાજે ૭૦ ટકા સુધી ઘટ્યો હોવાનું એસોસિએશને જણાવ્યું છે.એસોસિએશનના પ્રમુખ હેમલ શાહે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી આ મુદ્દે સતત રજૂઆતો કરવામાં આવી રહી છે, છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે માંગ કરી હતી કે તમામ શાળાઓ પાઠ્યપુસ્તકો અને સ્ટેશનરીની યાદી જાહેર કરે તથા વાલીઓને ઓપન માર્કેટમાંથી ખરીદી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે. જો વહીવટી તંત્ર તાત્કાલિક કાર્યવાહી નહીં કરે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### દાણીલીમડામાં ક્રાઈમ બ્રાન્ચનો મોટી રેડ

# ૪૬.૮૦ લાખના MD ડ્રગ્સ સાથે વોન્ટેડ આરોપી ઝડપાયો

## આરોપી પાસેથી ડ્રગ્સ, મોબાઈલ ફોન અને રોકડ મળીને કુલ ૧૪.૬૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરમાં નશાના કારોબાર સામે ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા અલ-ફલાહ એપાર્ટમેન્ટમાં રેડ કરીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૪૬૮ ગ્રામ MD ડ્રગ્સ સાથે કુખ્યાત આરોપી નોમાન શેખની ધરપકડ કરી લેવામાં આવી છે. ઝડપાયેલા ડ્રગ્સની કિંમત આશરે ૪૬.૮૦ લાખ રૂપિયા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી નોમાન શેખ દાણીલીમડાના અલ-ફલાહ એપાર્ટમેન્ટમાં ભાડે ફલેટ રાખીને ડ્રગ્સનો વેપાર કરતો હતો. તે છેલ્લા દોઢ માસથી જુહાપુરા અને દાણીલીમડા વિસ્તારમાં પોતાનું ડ્રગ્સ નેટવર્ક ચલાવી રહ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી પાસેથી MD ડ્રગ્સ, મોબાઈલ ફોન અને રોકડ મળીને કુલ ૧૪.૬૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

નોમાન શેખ કોઈ સામાન્ય ગુનેગાર નથી. તે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા અગાઉ પકડાયેલા કરોડોના ડ્રગ્સ કેસમાં વોન્ટેડ હતો. એટલું જ નહીં, તેની સામે અગાઉ પણ અલગ-અલગ પોલીસ મથકોમાં ૫ જેટલા ગુનાઓ નોંધાઈ ચુક્યા છે.

# ઉનાના નાળિયા માંડવી પાસે બે કાર વચ્ચે ભીષણ અકસ્માત

## આ અકસ્માતમાં બંને કારમાં સવાર મુસાફરો પૈકી ૫ લોકોને ઈજાઓ પહોંચી હતી અકસ્માતને પગલે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા

ગીર સોમનાથ,તા.૭

ગીર સોમનાથ જિલ્લાના ઉના નજીક આવેલા નાળિયા માંડવી પાસે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. સોમનાથથી દીવ તરફ જઈ રહેલા પ્રવાસીઓ અને દીવથી પરત ફરી રહેલા યુવાનોની કાર વચ્ચે ટક્કર થતા અરેરાટી વ્યાપી ગઈ હતી. આ અકસ્માતમાં કુલ ૫ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, મધ્યપ્રદેશના ભોપાલનો એક પરિવાર સોમનાથ મહાદેવના દર્શન કરીને દીવ ફરવા જઈ રહ્યો હતો. આ દરમિયાન સામેથી ગાંધીનગરના યુવાનો દીવની સહેલગાહ પતાવીને પરત ફરી રહ્યા હતા. ઉનાના નાળિયા માંડવી પાસે બંને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં બંને કારમાં સવાર મુસાફરો પૈકી ૫ લોકોને ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક અસરથી તમામ ઈજાગ્રસ્તોને ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ વાહનોને ભારે નુકસાન થયું છે.

### સુવેન્દુના PAની હત્યા પર માતાની વેદના

# તેણે મારા દીકરાને માર્યો, પણ હું તેને ફાંસી નથી ઈચ્છતી

## માતાએ કહ્યું કે, "હું ઈચ્છું છું કે દોષિતોને સજા મળે : હું એક માતા છું, તેથી હું નથી ઈચ્છતી કે તેમને ફાંસી થાય

કોલકાતા, તા.૭

ભાજપના નેતા સુવેન્દુ અધિકારીના PA ચંદ્રનાથ રથની હત્યાથી આખું બંગાળ આઘાતમાં છે. ચૂંટણી પરિણામો આવ્યાના ૪૮ કલાકની અંદર હિંસાની ઘટનાઓ વધી ગઈ છે. હવે ચંદ્રનાથની હત્યા પર તેમની માતા હાસિરાની રથ એ જે કહ્યું, તે તમને ભાવુક કરી દેશે. પુત્રના મૃત્યુ પર આંસુ લૂછતા માતાએ કહ્યું કે, "હું ઈચ્છું છું કે દોષિતોને સજા મળે. હું એક માતા છું, તેથી હું નથી ઈચ્છતી કે તેમને ફાંસી થાય."ચંદ્રનાથ રથની માતાએ વધુમાં કહ્યું, "હું તેમના (હુમલાખોરો) માટે આજીવન કેદની સજા ઈચ્છું છું. તેઓએ આવું એટલા માટે કર્યું કારણ કે ભાજપ સત્તામાં આવી. અમારા પ્રદેશ પ્રમુખ અને નેતાઓ વારંવાર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની વાત કરી રહ્યા છે, પરંતુ સત્તાધારી પક્ષના જે લોકો વિવિધ પ્રકારની ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરી રહ્યા હતા, તેઓએ જ આ કર્યું છે." માતાએ વધુમાં જણાવ્યું કે, "જે લોકો કહી રહ્યા હતા કે ૪ તારીખ પછી દિલ્હીના બાપ પણ અમને બચાવી શકશે નહીં... તો ૪ તારીખ પછી તેમણે તે કરી બતાવ્યું. જો મારા દીકરાનું મૃત્યુ કોઈ અકસ્માતમાં થયું હોત, તો મને આટલું દુઃખ ન થાત. જે રીતે બદમાશોએ મારા દીકરાને તડપાવીને માર્યો, આ બધી તૃણમૂલની રચેલી કહાનીઓ છે. જ્યારથી સુવેન્દુ બાબુએ મમતા બેનર્જીને હરાવ્યા છે, ત્યારથી મારા પરિવારને આવા જોખમોનો સામનો કરવો પડી રહ્યો છે."સુવેન્દુ અધિકારીના PA ચંદ્રનાથના હત્યારાઓ બે દિવસથી રેકી કરી રહ્યા હતા. પહેલા ડ્રાઈવરને ગોળી મારી, ત્યારબાદ ૪ થી ૫ ગોળીઓ ચંદ્રનાથ પર ચલાવવામાં આવી. તેઓ મધ્યમગ્રામમાં એક ફ્લેટમાં રહેતા હતા અને આ ઘટના દોહાડિયા વિસ્તારની છે. હુમલાખોરો બાઈક પર આવ્યા હતા. ચંદ્રનાથ રાત્રે તે સમયે પોતાની સફેદ રંગની સ્કોર્પિયોમાં બેઠા હતા. તેઓ દોહાડિયાના સાંકડા રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જ એક નિસાન કાર તેમની કારની આગળ આવીને ઉભી રહી ગઈ. ચંદ્રનાથ કંઈ સમજે તે પહેલા જ હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો.ચંદ્રનાથ રથનું ઘર પૂર્વ મિદનાપુરમાં છે. થોડા સમય પહેલા જ તેમના પિતાનું અવસાન થયું હતું. તેઓ તેમના ભાઈ, ભાભી અને માતા સાથે રહેતા હતા. અત્યારે ઘરમાં ૬૯ વર્ષીય માતા, નાનો પુત્ર અને પુત્રવધૂ મિદનાપુરમાં રહે છે. એક તેજસ્વી વિદ્યાર્થી રહેલા રથે રામકૃષ્ણ મિશનમાંથી અભ્યાસ કર્યો હતો. દેશ સેવા માટે તેઓ ભારતીય વાયુસેના (IAF) માં જોડાયા હતા. VRS લીધા પછી તેઓ સુવેન્દુ અધિકારી સાથે જોડાયા હતા.

### પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય રમત સંબંધો પર પ્રતિબંધ યથાવતઃ રમત મંત્રાલય

# બહુપક્ષીય ટુર્નામેન્ટ માટે પાકિસ્તાનના ખેલાડીઓને ભારતમાં પ્રવેશ મળશે

## ભારત આગામી ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરવાની મહત્વાકાંક્ષા ધરાવે છે

નવી દિલ્હી, તા.૭

ભારત સરકારના રમતગમત મંત્રાલયે બુધવારે એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી હતી કે પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય રમતગમત સંબંધો પર ગયા વર્ષે લાદવામાં આવેલો સંપૂર્ણ પ્રતિબંધ યથાવત રહેશે. જોકે આંતરરાષ્ટ્રીય સ્તરની બહુરાષ્ટ્રીય રમતગમતની ઈવેન્ટ માટે પાકિસ્તાની ખેલાડીઓને ભારત આવતા અટકાવવામાં આવશે નહીં.મંત્રાલયે ભારતને ''રમતગમત માટેના પસંદગીના સ્થળ'' તરીકે સ્થાપિત કરવા માટે ખેલાડીઓ, ટીમના અધિકારીઓ, ટેકનિકલ સ્ટાફ અને આંતરરાષ્ટ્રીય રમત સંસ્થાઓના હોદ્દેદારો માટે વિઝા પ્રક્રિયાને સરળ બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.તમામ નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સ (દ્રજીહ્ય્જ), ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને જારી કરાયેલા પરિપત્રમાં મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ''જ્યાં સુધી એકબીજાના દેશમાં દ્વિપક્ષીય રમતગમતના આયોજનનો સવાલ છે ત્યાં સુધી કોઈ પણ રમતની ભારતીય ટીમ પાકિસ્તાનમાં કોઈ સ્પર્ધામાં ભાગ લેશે નહીં. તેવી જ રીતે અમે પાકિસ્તાની ટીમોને પણ ભારતમાં રમવાની મંજૂરી આપીશું નહીં.''જોકે વર્લ્ડ કપ કે એશિયા કપ અથવા તો એશિયન ગેમ્સ જેવી આંતરરાષ્ટ્રીય અને બહુપક્ષીય ઈવેન્ટના કિસ્સામાં ભારત આંતરરાષ્ટ્રીય રમત સંસ્થાઓના નિયમો અને પોતાના ખેલાડીઓના હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેશે. આ અંતર્ગત ભારતીય ટીમો અને વ્યક્તિગત ખેલાડીઓ એવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેશે જેમાં પાકિસ્તાની ટીમ પણ સામેલ હોય. તેવી જ રીતે ભારત દ્વારા આયોજિત આવી મલ્ટિ-નેશનલ ઈવેન્ટ્સમાં પાકિસ્તાની ખેલાડીઓ ભાગ લઈ શકશે.આ નીતિ સૌપ્રથમ ગયા વર્ષે ઓગસ્ટમાં જાહેર કરવામાં આવી હતી. પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ થોડા જ મહિનાઓમાં યુનાઈટેડ આરબ અમિરાતમાં આયોજિત એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતની સહભાગિતા અંગે ભારે હોબાળો થયો હતો. તે સમયે મંત્રાલયે સ્પષ્ટ કર્યું હતું કે જો યજમાન દેશ પાકિસ્તાન ન હોય તો ભારત મલ્ટિ નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અવરોધ ઊભો કરશે નહીં.ભારત આગામી ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરવાની મહત્વાકાંક્ષા ધરાવે છે. આ નીતિ સ્પષ્ટ કરે છે કે ભારત ઓલિમ્પિક ચાર્ટર અને તેની સર્વસમાવેશકતાના સિદ્ધાંતોનું પાલન કરશે જેથી વૈશ્વિક કાર્યક્રમોના યજમાન તરીકે પોતાની છબી મજબૂત કરી શકાય. આંતરરાષ્ટ્રીય રમતગમતના આયોજન માટે ભારતને આકર્ષણ બનાવવા મંત્રાલયે કેટલાક પગલાં લીધા છે જેમાં ખેલાડીઓ અને અધિકારીઓ માટે વિઝા પ્રક્રિયા સરળ બનાવવામાં આવશે. આંતરરાષ્ટ્રીય રમતગમત સંસ્થાઓના હોદ્દેદારોને તેમના સત્તાવાર કાર્યકાળ માટે મહત્તમ પાંચ વર્ષ સુધી મલ્ટિ-એન્ટ્રી વિઝા પ્રાથમિકતાના ધોરણે આપવામાં આવશે.

# અરે વાહ : બાબરાનાં ચમારડીમાં બની રહ્યુ છે તળાવ અને રિવરફ્રન્ટ






બાબરા ચમારડી ગામમાં વિકાસ, જળ સંરક્ષણ અને રાષ્ટ્રપ્રેમનું અનોખું સંકલન જોવા મળી રહ્યું છે. ભામાશા અને સરદાર પ્રેમી તરીકે ઓળખાતા ગોપાલ વસ્ત્રપરા દ્વારા ગામમાં અંદાજે બે કરોડના ખર્ચે ભવ્ય તળાવ અને આધુનિક રિવરફ્રન્ટનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રકલ્પ માત્ર ગામના વિકાસ માટે નહીં, પરંતુ આવનારી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યો છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સમાજસેવા અને લોકહિતના કાર્યોમાં સક્રિય રહ્યા છે. હવે તેઓ ચમારડી ગામમાં ''જળ છે તો જ જીવન''ના સંદેશ સાથે જળ સંરક્ષણ માટે એક વિશાળ અને મહત્વાકાંક્ષી પહેલ કરી રહ્યા છે. બનાવાઈ રહેલું આ તળાવ આસપાસના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનશે. વરસાદી પાણીના સંગ્રહથી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહેશે, જેના કારણે ખેતીમાં પણ ફાયદો થશે. સાથે જ ગામ અને આસપાસના વિસ્તારમાં પાણીની સમસ્યામાં પણ નોંધપાત્ર રાહત મળશે. આ તળાવને માત્ર પાણી સંગ્રહ સુધી મર્યાદિત રાખવામાં આવ્યું નથી. તેને એક સુંદર અને આકર્ષક રિવરફ્રન્ટ તરીકે પણ વિકસાવવામાં આવી રહ્યું છે. તળાવની આસપાસ હરિયાળી, બેઠક વ્યવસ્થા અને ફરવા માટે સુંદર માર્ગ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને સિનિયર સિટીઝન માટે આરામદાયક બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે, જેથી વડીલો અહીં શાંતિપૂર્ણ વાતાવરણમાં સમય પસાર કરી શકે. આવનાર સમયમાં આ સ્થળ ગામજનો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે તેવી શક્યતા છે. તેઓ માત્ર જળ સંરક્ષણના કાર્યો માટે જ નહીં પરંતુ રાષ્ટ્ર એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યેના પોતાના અદભૂત પ્રેમ માટે પણ જાણીતા છે. તેઓ અત્યાર સુધીમાં પોતાના સ્વખર્ચે ગુજરાત સહિત વિવિધ ગામોમાં ૨૦૦૦થી વધુ સરદાર પટેલની પ્રતિમાઓ સ્થાપિત કરી ચૂક્યા છે. તેમના આ પ્રયાસો દ્વારા નવી પેઢીને સરદાર સાહેબના વિચારો, રાષ્ટ્રપ્રેમ અને યોગદાન વિશે જાણવાની તક મળી રહી છે. ચમારડી ગામમાં અગાઉ પણ તેઓ દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ બસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું હતું. બસ સ્ટેન્ડની આસપાસ દેશના મહાન રાષ્ટ્રપુરૂષોની પૂર્ણાકાર નવ પ્રતિમાઓ પણ સ્થાપિત કરવામાં આવી છે, જે ગામને એક વિશિષ્ટ ઓળખ આપે છે. હવે નવી બનાવાતી તળાવ સાઈટ પર પણ ભવ્ય સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્થાપિત કરવાની યોજના તૈયાર થઈ રહી છે. ચમારડી ગામમાં ચાલી રહેલું આ કાર્ય માત્ર એક વિકાસ પ્રકલ્પ નથી, પરંતુ સંસ્કાર, સંરક્ષણ, રાષ્ટ્રભાવના અને સમાજ પ્રેમનું જીવંત ઉદાહરણ બની રહ્યું છે. ગોપાલ વસ્ત્રપરાની આ પહેલ સમાજના અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ સાબિત થઈ રહી છે કે જો ઈચ્છાશકિત હોય તો ગામ અને સમાજના વિકાસ માટે ઘણું બધું કરી શકાય છે.

## ખાંભા : પૂ. મૂકતાનંદ બાપુના જન્મદિવસે રક્તદાન કેમ્પ યોજાયો




ખાંભા, તા. ૭

ખાંભા ખાતે પરમ પૂજય મુક્તાનંદબાપુના જન્મદિવસ નિમિત્તે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. માનવસેવાના ભાવ સાથે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ રક્તદાન કેમ્પ તાલુકા હેલ્થ ટીમ ખાંભા, સામૂહિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ખાંભા, બ્રહ્મ સમાજ ગ્રુપ ખાંભા તેમજ ગ્રીન એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ગ્રુપ ખાંભા સહિતની વિવિધ સંસ્થાઓના સહયોગથી યોજાયો હતો. કેમ્પનો મુખ્ય હેતુ એક બોટલ લોહીના અભાવે કોઈનો જીવન જવો જોઈએ તેવો માનવતા ભર્યો સંદેશ આપવાનો હતો.

કેમ્પ દરમિયાન આશરે ૩૧ જેટલી રક્તની બોટલો એકત્રિત કરવામાં આવી હતી. ખાંભા શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો અને સેવાભાવી લોકોએ રક્તદાન કરીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી.

આ પ્રસંગે આયોજકોએ જણાવ્યું હતું કે રક્તદાનએ મહાદાન છે અને દરેક સ્વસ્થ વ્યક્તિએ સમયાંતરે રક્તદાન કરીને જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં સહભાગી બનવું જોઈએ.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં વૃધ્ધે આડે શ્વાન**

ઝડપે અને બેફીકરાઈ ભરી રીતે ચલાવતા અને મોટર સાકલ આડે કુતરૂ આડુ પડતા મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી દેતાં તેઓ રોડ ઉપર નીચે પડી જતા શરીરે નાની મોટી ઈજાઓ છાતીના ભાગે ઈજા તેમજ માથાના ભાગે હેમરેજની ગંભીર ઈજા થવાથી દવાખાને સારવારમાં ખસેડાયેલ હતાં. જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૦૦ | ૧૫૨૦ |
| ૨ | શિંગદાણા | ૧૨૭૦ | ૧૮૬૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૧૭૦ | ૧૮૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૨૫ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૩૫૧૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૨૪૫ | ૨૨૪૫ |
| ૭ | બાજરો | ૫૧૫ | ૫૧૫ |
| ૮ | જુવાર | ૩૭૫ | ૯૩૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૫ |
| ૧૧ | મગ | ૧૫૪૦ | ૧૮૨૦ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૦૬૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૩૫ |
| ૧૪ | સફેદ ચણા | ૯૫૦ | ૧૦૮૦ |
| ૧૫ | તુવેર | ૮૯૦ | ૧૪૨૦ |
| ૧૬ | કપાસ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૧૭ | એરંડા | ૧૦૯૦ | ૧૨૬૫ |
| ૧૮ | જીરૂ | ૨૦૦૦ | ૩૮૩૦ |
| ૧૯ | રાય | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨૦ | ધાણા | ૨૩૯૦ | ૨૫૪૦ |
| ૨૧ | ધાણી | ૨૦૦૦ | ૨૬૭૫ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં ગૌમાતાને રાષ્ટ્રમાતા**

સુરક્ષા મળે તે હેતુથી મોટી સંખ્યામાં ગૌભકતો એકત્રિત થયા હતા. ગૌપ્રેમીઓ રેલી સ્વરૂપે ખાંભાના વિવિધ માર્ગો પરથી સૂત્રોચ્ચાર સાથે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં તેમણે મામલતદારને આવેદનપત્ર પાઠવી ગૌમાતાને ''રાષ્ટ્ર માતા''નો દરજજો આપવાની માંગ ઉઠાવી હતી. સાથે જ ગૌહત્યા બંધીના કડક અમલ, ગૌસંવર્ધન અને ગૌરક્ષણ માટે સરકાર દ્વારા તાત્કાલિક અને અસરકારક પગલાં લેવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી.

ગૌભકતોએ જણાવ્યું હતું કે, ગૌમાતા ભારતીય સંસ્કૃતિ, કૃષિ અને આધ્યાત્મિક પરંપરાનું મહત્વપૂર્ણ પ્રતિક છે અને ગૌસેવા ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહી છે. તેથી ગૌમાતાને રાષ્ટ્રીય સ્તરે વિશેષ સન્માન અને કાનૂની સુરક્ષા આપવામાં આવે તે સમયની માંગ બની છે.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગૌપ્રેમીઓ, સામાજિક આગેવાનો, યુવાનો તેમજ ગૌસેવા સાથે જોડાયેલા કાર્યકરો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગૌમાતાના સમર્થનમાં સૂત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

**લીલીયા**

સમગ્ર ભારતમાં ચાલી રહેલા ઐતિહાસિક 'ગૌ સમ્માન આહ્વાન અભિયાન' અંતર્ગત આજે લીલીયા મોટા ખાતે ગૌમાતાને રાષ્ટ્રીય સ્તરે સન્માન અને સુરક્ષા મળે તે હેતુથી લીલીયા મામલતદાર એચ.બી. વાડાને આવેદન પાઠવવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિના પ્રાણ અને કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર એવી ગૌમાતાના સન્માન માટે દેશવ્યાપી જન–આંદોલન ચાલી રહ્યું છે, જેમાં લીલીયા તાલુકો પણ સક્રિય રીતે જોડાયો છે.

આ કાર્યક્રમમાં વૃંદાવન તથા સ્થાનિક સંતોનું માર્ગદર્શન મળ્યું હતું અને તેમની અધ્યક્ષતામાં ગૌપ્રેમી, સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ અભિયાન દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ સુધી લોકોની ભાવનાઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ રાષ્ટ્ર યજ્ઞના ત્રણ મુખ્ય લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા છે (૧) ગૌ હત્યા મુકત ભારતનું નિર્માણ (૨) ગૌમાતાને 'રાષ્ટ્ર માતા'નો બંધારણીય દરજજો અપાવવો (૩) ગૌમાતાના કલ્યાણ માટે સ્વતંત્ર 'ગૌ સેવા મંત્રાલય'ની સ્થાપના કરવામાં આવે. આ કાર્યક્રમ સવારે ૧૧:૦૦ વાગ્યે વડવાળા હનુમાન મંદિરથી પ્રારંભ થયો હતો અને રેલી સ્વરૂપે મામલતદાર કચેરી સુધી પહોંચી મામલતદારને આવેદન પાઠવવામાં આવ્યું હતું.

લીલીયાની પવિત્ર ધરા પરથી ગૌમાતા પ્રત્યેની આસ્થા અને કૃતજ્ઞતા વ્યકત કરતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માલધારી સમાજ,ગોપાલ ગૌશાળા ટીમ, ધ્રુવ ધામત, રાહુલ સાનિયા, વાલજીભાઈભરવાડ સહિતના લોકો જોડાયા હતા. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ મંજુલાબેન રમેશભાઈ ડેર, રહે.મોણપુર, તા.જી.અમરેલીની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા–વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના બાબરાના રેવન્યુ સર્વે નં. ૧૪૦/૧ પૈકી ૩ ની જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. તે માહેના પ્લોટ નં.૧૬૮ ની જમીન કુલ ક્ષેત્રફળ ચો.મીટર ૧૨૯–૭૨ નો અમારા અસીલ વેચાણલેખથી માલીકી હકક ધરાવે છે. સદરહુ રેવન્યુ સર્વે નં. ૧૪૦/૧ પૈકી ૩ ની હે.૨–૮૫–૩૧ વાળી જમીન રેવન્યુ રેકર્ડ મુજબ (૧) શ્રી અમરશીભાઈ આંબાભાઈ દસલાણીયા તથા (૨) શ્રી કરસનભાઈ ઓધાભાઈ સોળીયાની સયુંકત માલીકીની જમીન હતી. આ જમીન મહે.નાયબ કલેકટર સાહેબશ્રી, લાઠીના તા. ૧૦/૭/૨૦૧૨ના હુકમ નં. જમન/વશી/૧૭૫૨/બખપ–એસ.આર./૧૦/૧૨ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. આ બીનખેતી થયેલ જમીન ''દ્વારકેશ રેસીડન્સી–એ'' નામથી ઓળખાય છે. તે માહેના પ્લોટ નં.૧૬૮ ની જમીન ચો.મી.૧૨૯–૭૨ સબ રજીસ્ટ્રારશ્રી, બાબરાની કચેરીમા નોંધાયેલ વેચાણલેખ નં. ૯૪૮ તા. ૧૧/૯/૨૦૧૨ થી (૧) શ્રી અમરશીભાઈ આંબાભાઈ દસલાણીયા તથા (૨) શ્રી કરશનભાઈ ઓધાભાઈ સોળીયા ના કુલ મુખત્યાર દિપકભાઈ મનુભાઈ શંકર, રહે.લાઠી પાસેથી શ્રી તળશીભાઈ દુદાભાઈ વિરોજા, રહે. વલારડી, તા.બાબરા ના એ વેચાણ રાખેલ. તેઓ પાસેથી આ પ્લોટની જમીન શ્રી મગનભાઈ ભોળાભાઈ કારેટીયા, રહે.બાબરા એ વેચાણલેખ નં.૩૭૯ તા. ૧૨/૬/૨૦૨૦ થી વેચાણ રાખેલ છે. તેમના પાસેથી આ પ્લોટની જમીન વેચાણલેખ નં. ૧૨૧ તા. ૨/૨/૨૦૨૨ થી અમારા અસીલ મંજુલાબેન રમેશભાઈ ડેર, રહે.મોણપુર, તા.જી.અમરેલી એ વેચાણ રાખેલ છે ત્યારથી આ પ્લોટની જમીનના અમારા અસીલ સ્વતંત્ર માલીક થયેલા છે. સદરહુ મિલ્કત સબંધે મારા અસીલે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમાં આધાર–પુરાવા સાથે સ્પીડ પોષ્ટ થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૦૮–૦૫–૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૧૦ | ૧૩૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૦ | ૪૫૨ |
| ૩ | ચણા | ૯૨૨ | ૧૦૪૫ |
| ૪ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | ધાણા | ૨૧૧૦ | ૨૨૯૦ |
| ૬ | તુવેર | ૯૧૦ | ૧૩૮૨ |
| ૭ | તલ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૭૩૦ | ૧૭૩૦ |

## અમરેલીની કમાણી ફોરવર્ડ હાઇસ્કુલનાં ધોરણ ૧૨ પરીક્ષામાં ૩ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ



અમરેલી, તા. ૭

અમરેલીની સૌથી નામાંકીત શાળા કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ હવે પરિણામની દ્રષ્ટીએ પ્રથમ હરોળની ગ્રાન્ટેડ શાળાઓ પૈકીની એક શાળા બની ગઈ છે. ધોરણ ૧૨ કોમર્સમાં એક સાથે ત્રણ વિદ્યાર્થીઓએ એ ૧ ગ્રેડ લાવીને શાળાનું ગૌરવ વધારેલું છે તેમજ કમાણી ફોરવર્ડ હાઈસ્કુલમાં વ્યકિતગત શિક્ષણ આપવાની પધ્ધતીને સાર્થક કરી બતાવી છે આ ત્રણેય વિદ્યાર્થીઓને શાળા પરિવાર અને સંચાલક મંડળ વતી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવે છે.

## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ રમેશભાઈ ભીખુભાઈ ડેર, રહે.મોણપુર, તા.જી.અમરેલીની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા–વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના બાબરાના રેવન્યુ સર્વે નં. ૧૪૦/૧ પૈકી ૩ ની જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. તે માહેના પ્લોટ નં.૧૩૧ ની જમીન કુલ ક્ષેત્રફળ ચો.મીટર ૮૮–૨૦ તથા તે માહે આવેલ મિલ્કતનો અમારા અસીલ વેચાણલેખથી માલીકી હકક ધરાવે છે. સદરહુ રેવન્યુ સર્વે નં. ૧૪૦/૧ પૈકી ૩ ની હે.૨–૮૫–૩૧ વાળી જમીન રેવન્યુ રેકર્ડ મુજબ (૧) શ્રી અમરશીભાઈ આંબાભાઈ દસલાણીયા તથા (૨) શ્રી કરસનભાઈ ઓધાભાઈ સોળીયાની સયુંકત માલીકીની જમીન હતી. આ જમીન મહે.નાયબ કલેકટર સાહેબશ્રી, લાઠીના તા.૧૦/૭/૨૦૧૨ ના હુકમ નં. જમન/વશી/૧૭૫૨/બખપ–એસ.આર./૧૦/૧૨ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. આ બીનખેતી થયેલ જમીન '' દ્વારકેશ રેસીડન્સી–એ'' નામથી ઓળખાય છે. તે માહેના પ્લોટ નં.૧૩૧ ની જમીન કુલ ક્ષેત્રફળ ચો.મીટર ૮૮–૨૦ સબ રજીસ્ટ્રારશ્રી, બાબરાની કચેરીમા નોંધાયેલ વેચાણલેખ નં.૬૨૮ તા.૨૨/૮/૨૦૧૩ થી (૧) શ્રી અમરશીભાઈ આંબાભાઈ દસલાણીયા તથા (૨) શ્રી કરસનભાઈ ઓધાભાઈ સોળીયા ના કુલમુખત્યાર દિપકભાઈ મનુભાઈ શંકર, રહે.લાઠી પાસેથી શ્રી કેતનભાઈ અરજણભાઈ સાયજા, રહે.લોનકોટડા, તા.બાબરાના એ વેચાણ રાખેલ અને તેમા રહેણાંક મિલ્કતનુ બાંધકામ કરેલ છે. તેઓ પાસેથી આ પ્લોટની જમીન સાથેની મિલ્કત વેચાણલેખ નં.૭૬ તા. ૨૦/૧/૨૦૨૩ થી અમારા અસીલ રમેશભાઈ ભીખુભાઈ ડેર, રહે.મોણપુર, તા.જી.અમરેલી એ વેચાણ રાખેલ છે ત્યારથી આ મિલ્કતના અમારા અસીલ સ્વતંત્ર માલીક થયેલા છે. સદરહુ મિલ્કત સબંધે મારા અસીલે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૦૮–૦૫–૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૧૨ | ૧૨૧૨ |
| ૨ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૧૪૧ |
| ૩ | તલ કાળા | ૨૪૦૦ | ૩૩૪૭ |
| ૪ | કપાસ | ૧૪૦૦ | ૧૮૩૦ |
| ૫ | બાજરો | ૩૨૫ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૧૬ |
| ૭ | જુવાર | ૪૦૮ | ૧૦૦૧ |
| ૮ | મકાઈ | ૨૫૦ | ૨૫૦ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | અડદ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૧૧ | તુવેર | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૫૦ |
| ૧૩ | ધાણા | ૧૮૦૧ | ૨૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | અજમા | ૧૫૦૧ | ૧૫૦૧ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં કરિયાણા ગામ નજીક**

દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે બાબરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઘટનાને લઈને લોકોમાં ભારે ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાલ બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમાર દ્વારા હત્યા પાછળનું કારણ શું છે તેમજ હુમલાખોરો કોણ હતા તે દિશામાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા દસ દિવસમાં અમરેલી જિલ્લામાં હત્યાની આ ચોથી ઘટના બનતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું **પોલીસ દ્વારા રી કન્ટ્રકશન**

નાખતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આજે પોલીસ દ્વારા રી કન્ટ્રકશન કરવામાં આવ્યું હતું. બગસરાનાં માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતા વિજય અમરસિંહ પરમારને પોતાની પત્ની વિલાસ સાથે રસોઈ બનાવવા બાબતે ઝઘડો થયો હતો. આરોપી પતિ વિજયને પીવાની ટેવ હોય. ત્યારે છાશવારે ઝઘડો કરતો હતો આ ઝઘડાએ વરવુ સ્વરૂપ ધારણ કરતા રસોઈની માથાકૂટમાં આરોપી પતિ વિજયે ઘરમાં પડેલ ત્રિકમનાં ચારથી પાંચ ઘા પત્ની વિલાસને મારી દીધા હતા. જેથી પત્ની ત્યાં જ તરફડીને મૃત્યુ પામી હતી. આ પરિવારમાં સંતાનમાં છ વર્ષની પુત્રી તથા ૧૪ વર્ષનો પુત્ર છે. આ સમગ્ર ઘટના કેવી રીતે બની તેનું પોલીસ દ્વારા આજે આરોપીએ કેવી રીતે ઘટનાને અંજામ આપ્યો તેનું રી કન્ટ્રકશન કરવામાં આવ્યું હતું. આ આરોપીનાં એક દિવસનાં રિમાન્ડ મંજૂર કોર્ટ દ્વારા કરવામાં આવ્યા છે. આ ઘટનાની વધુ તપાસ બગસરા પોલીસ સ્ટેશનનાં પીઆઈ ગોલવેલકર ચલાવી રહ્યા છે.









## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ સુપર | ૧૬૬૦ | ૧૯૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૫૦ |
| ૩ | મગફળી | ૧૨૪૫ | ૧૪૬૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૬૦ | ૨૧૧૦ |
| ૫ | તલ કાળા | ૨૫૪૦ | ૩૩૩૦ |
| ૬ | જીરૂ | ૩૨૩૦ | ૩૯૯૦ |
| ૭ | ચણા | ૧૦૩૮ | ૧૦૬૨ |
| ૮ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૯ | એરંડા | ૧૦૧૫ | ૧૧૯૫ |
| ૧૦ | તુવેર | ૧૨૧૦ | ૧૪૧૦ |

### મમતા બેનર્જીના ૧૫ વર્ષના શાસન પર પૂર્ણવિરામ

# બંગાળમાં મમતા રાજનો અંત, રાજ્યપાલે વિધાનસભા ભંગ કરી

## રાજ્યપાલ આર. એન. રવિએ નિર્ણય લેતા પશ્ચિમ બંગાળ વિધાનસભાને ભંગ કરવાનો સત્તાવાર આદેશ આપી દીધો

કોલકાતા, તા.૭

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજે સૌથી મોટો ઐતિહાસિક ઉલટફેર જોવા મળ્યો છે. રાજ્યપાલ આર.એન. રવિએ વિધાનસભા ભંગ કરવાનો સત્તાવાર આદેશ આપી દીધો છે. આ સાથે જ મમતા બેનર્જીની ૧૫ વર્ષ જૂની સરકારનો અંત આવ્યો છે.

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજનો દિવસ (૭ મે ૨૦૨૬) ઈતિહાસના પાના પર નોંધાઈ ગયો છે. રાજ્યપાલ આર.એન. રવિએ એક મોટો અને અણધાર્યો નિર્ણય લેતા પશ્ચિમ બંગાળ વિધાનસભાને ભંગ કરવાનો સત્તાવાર આદેશ આપી દીધો છે. કોલકાતા ગેઝેટમાં પ્રકાશિત આ નોટિફિકેશન સાથે જ મમતા બેનર્જીની સરકાર બંધારણીય રીતે બરખાસ્ત થઈ ગઈ છે અને તેઓ હવે મુખ્યમંત્રી રહ્યા નથી. બંગાળમાં નવી સરકારની રચના અને મમતા બેનર્જીના રાજીનામાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ભારે રાજકીય ખેંચતાણ ચાલી રહી હતી. આ દરમિયાન વિધાનસભાનો કાર્યકાળ પૂર્ણ થતા જ રાજ્યપાલે બંધારણીય પ્રક્રિયાનો ઉપયોગ કરીને આ કડક નિર્ણય લીધો છે. કોલકાતા ગેઝેટમાં અપાયેલા આદેશ મુજબ, આ નિર્ણય ૭ મે ૨૦૨૬ થી જ અમલમાં આવી ગયો છે. વિધાનસભા ભંગ થવાની સાથે જ સમગ્ર કેબિનેટ પણ ભંગ થઈ ગઈ છે. ગેઝેટ નોટિફિકેશન મુજબ, રાજ્યપાલ આર.એન. રવિએ ભારતીય બંધારણની કલમ 174 (2)(b) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને વિધાનસભા ભંગ કરી છે. આ નોટિફિકેશન પર બંગાળના મુખ્ય સચિવ દુષ્યંત નારિયાલાના પણ હસ્તાક્ષર છે. આથી હવે મમતા બેનર્જી તથા સમગ્ર પ્રધાનમંડળ અધિકારીક રીતે પોતાના પદ ગુમાવી ચુક્યાં છે. હવે તેઓ રાજીનામું આપે કે ન આપે તેનો કોઈ સવાલ ઉઠતો જ નથી.

આ નિર્ણય સાથે જ પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૧૫ વર્ષથી અવિરત ચાલી રહેલું તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને મમતા બેનર્જીનું શાસન હવે સત્તાવાર રીતે પૂરું થઈ ગયું છે. બંગાળ હવે કઈ દિશામાં આગળ વધશે, તે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે. ભાજપ સરકાર હવે નવી સરકારની રચના કરીને શપથગ્રહણ સમારોહનું આયોજન કરશે.

### ખાનગી એજન્સી મારફત ડ્રાઈવર-કંડક્ટર લેવાની થઈ રહેલી કાર્યવાહી

# એસ.ટી.ના ખાનગીકરણની હિલચાલ સામે વિરોધ, આંદોલન છેડવા ચીમકી

## ભાડા કરાર આધારીત બસો લઈ નિગમને ખોટના ખાડામાં ધકેલવામાં આવી રહ્યાની રાવ

ભાવનગર, તા.૭

એસ.ટી. નિગમમાં કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપર ડ્રાઈવર-કંડક્ટરોને લઈ નિગમને ખાનગી તરફ ધકેલવાની ચાલી રહેલી હિલચાલ સામે કર્મચારીઓમાં ભારે વિરોધની લાગણી પ્રસરી છે. જો આ કાર્યવાહી બંધ નહીં રાખવામાં આવે તો આગામી ૨૫મીથી આંદોલન છેડવા ચીમકી ઉચ્ચારાઈ છે.જીએસઆરટીસી ખાતે સર્વિસો/શિડયુલોના કેન્સલેશનને લઈ ખાનગી એજન્સી મારફત કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપર બે-બે હજાર ડ્રાઈવર-કંડક્ટરને લેવા માટે નિગમ દ્વારા હાલ કાર્યવાહી ચાલી રહી છે. આ ઉપરાંત ભાડા કરાર આધારીત બસો ભાડે રાખવામાં આવે છે. દર માસે આવી પ્રિમિયમ બસોનું ભાડું આશરે ૧૨ કરોડ ચૂકવાય છે. ત્યારે આટલા ભાડા ચૂંકવવાના બદલે બેથી ત્રણ વર્ષમાં તમામ વાહનો પોતાની માલિકીના લઈ શકાય છે. પ્રિમિયમ સર્વિસો માટે ચૂકવાતા રૂા.૪૬થી ૫૪ પ્રતિ કિ.મી.ના ભાડાની સામે આવક માત્ર રૂા.૩૭થી ૩૯ મળે છે. તે જોતા નિગમને ખોટના ખાડામાં ધકેલવામાં આવી રહ્યું છે. લોન/કોન્ટ્રાક્ટ એજન્સી મારફતે લેવાના કર્મચારીઓ તે નિગમનું ખાનગીકરણ તરફનું પ્રથમ પગલું હોય, આઉટસોર્સિંગથી ડ્રાઈવર-કંડક્ટર અને વાહનો ભાડે લેવાની કાર્યવાહી તત્કાલ અટકાવવાની માંગ સાથે ત્રણેય માન્ય સંગઠનોએ રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે. જો આ કાર્યવાહી નહીં રોકવામાં આવે તો તા.૨૫-પથી આશ્ચર્યજનક કાર્યક્રમો થકી સ્વયંભૂ આંદોલન છેડવા ચીમકી ઉચ્ચારી છે.

### અમદાવાદમાં કાળઝાળ ગરમીનો કહેર

# સોલા સિવિલની OPDમાં એક જ અઠવાડિયામાં ૧૧ હજારથી વધુ દર્દીઓ નોંધાયા

## જોકે, રાહતની વાત એ છે કે હજુ સુધી હીટસ્ટ્રોક કે ડીહાઈડ્રેશનના કોઈ ગંભીર કેસ સામે આવ્યા નથી

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમીને લઈને જનજીવન પ્રભાવિત થયું છે. ગરમીના સતત વધતા પારાને કારણે લોકો બીમારીની લપેટમાં આવી રહ્યા છે. શહેરની સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડિયામાં જ આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ (ઁઙ)માં ૧૧,૮૦૮ દર્દીઓ નોંધાયા છે, જે ગરમીની ગંભીરતા દર્શાવે છે.મળતી માહિતી અનુસાર, આકરી ગરમી અને બફારાને કારણે લોકોમાં ઝાડા-ઉલટી, તાવ, ચક્કર આવવા અને માથાના દુખાવાની ફરિયાદો વધી છે. જેમાં છેલ્લા એક મહિનામાં ઝાડા-ઉલટીના ૧૪૩ કેસ નોંધાયા. તાવના કેસોમાં વધારો થતા ડેન્ગ્યુના શંકાસ્પદ ૧૨૫ સેમ્પલ લેવાયા, જેમાંથી ૩ પોઝિટિવ આવ્યા. મેલેરિયાના ૪૫૧ સેમ્પલમાંથી ૯ દર્દીઓ પોઝિટિવ જણાયા છે. આ ઉપરાંત સ્વાઈન ફ્લૂનો પણ ૧ પોઝિટિવ કેસ નોંધાયો છે.સોલા સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસરના જણાવ્યાનુસાર, છેલ્લા અઠવાડિયામાં અંદાજે ૧૧,૦૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવ્યા હતા, જેમાંથી બીમારીની ગંભીરતા જોતા ૧,૧૦૦ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવી પડી છે. જોકે, રાહતની વાત એ છે કે હજુ સુધી હીટસ્ટ્રોક કે ડીહાઈડ્રેશનના કોઈ ગંભીર કેસ સામે આવ્યા નથી.ગરમીના વધતા પ્રકોપને પહોંચી વળવા માટે હોસ્પિટલ તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. હોસ્પિટલમાં પૂરતો સ્ટાફ, દવાઓ, ORS ના પેકેટ અને ગરમીને લગતી ઈમરજન્સી માટે સ્પેશિયલ અનામત બેડની સુવિધા ઊભી કરવામાં આવી છે.

### ગંભીર ઈજાઓ બાદ બાળકનું મોત નીપજ્યુ

# રખડતાં શ્વાને ૮ વર્ષના માસૂમ બાળક પર કર્યો હુમલો

## બાળકનો મૃતદેહ પીએમ માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે રખડતા શ્વાનો મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવાની ઊઠી માંગ

મોરબી,તા.૭

મોરબી શહેરમાં રખડતાં શ્વાને આઠ વર્ષના બાળકનો જીવ લીધો છે. મોરબી-જેતપર રોડ પર ટાઈટેનીયમ વિટ્રિફાઈડ ફેક્ટરી નજીક શ્વાને કૃણાલ કૃપાલભાઈ માલવિયા નામના ૮ વર્ષના બાળક પર હુમલો કર્યો હતો. જેમાં ગંભીર ઈજાઓ બાદ બાળકનું મોત નીપજ્યું છે. આ ઘટનાને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ છવાયેલો છે. બાળકનો મૃતદેહ પીએમ માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. રખડતા શ્વાનો મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવાની ઊઠી માંગ. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, મોરબીમાં રખડતા શ્વાનોનો કહેર વધી રહ્યો છે. મોરબી-જેતપર રોડ પર ટાઈટેનીયમ વિટ્રિફાઈડ ફેક્ટરી નજીક આ ગોઝારી ઘટના બની છે. ટાઈટેનીયમ વિટ્રિફાઈડ ફેક્ટરી નજીક શ્વાને કૃણાલ કૃપાલભાઈ માલવિયા નામના ૮ વર્ષના બાળક પર હુમલો કર્યો હતો. જે બાદ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે, ગંભીર ઈજાઓ બાદ બાળકનું મોત નીપજ્યું છે. આ ઘટનાને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ છવાયેલો છે.નોંધનીય છે કે, બે દિવસ પહેલા શ્વાને ૨૦થી વધુ લોકોને બચકાં ભર્યા હતા.

### 'હવે આઈટમ સોન્ગ નહીં કરું...'

# નોરા ફતેહીએ સરકે ચુનર ગીતના વિવાદ વચ્ચે NCW સમક્ષ માફી માગી

## નોરાએ એવું પણ કહ્યું છે કે, હવે આઈટમ સોન્ગ નહીં કરે

મુંબઈ, તા.૭

રાષ્ટ્રીય મહિલા આયોગે વિવાદાસ્પદ આઈટમ સોન્ગ 'સરકે ચુનરી તેરી'ના કેસની આજે ફરી સુનાવણી હાથ ધરી હતી. અગાઉ બોલિવૂડ સુપરસ્ટાર સંજય હાજર થયો હતો, જોકે નોરા હાજર થઈ ન હતી. જોકે હવે નોરાએ આજે આયોગ સમક્ષ હાજર થઈને લેખીતમાં માફી માંગી લીધી છે. નોરાએ એવું પણ કહ્યું છે કે, હવે તે આઈટમ સોન્ગ નહીં કરે.

નોરાએ આયોગને લેખીતમાં ખાતરી આપી છે કે, હવેથી તે સમાજની કોઈપણ મહિલાઓ અંગે ખોટો મેસેજ ન જાય તે માટે આવા કોઈપણ પ્રકારના આઈટમ સોન્ગ નહીં કરે. નોરાએ આયોગની ઓફિસમાંથી બહાર નીકળીને કહ્યું કે, 'મેં આયોગન સમક્ષ લેખિત માફી માંગી છે. કોઈની પણ ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો મારો કોઈ ઈરાદો ન હતો.' નોરાએ કેટલાક અનાથ બાળકોનો ખર્ચ ઉઠાવવાની પણ આયોગને ખાતરી આપી છે. મહિલા આયોગે નોરા ફતેહીને નોટિસ ફટકારી હોવા છતાં ૬ એપ્રિલની સુનાવણીમાં નોરાના બદલે તેના વકીલ હાજર થયા હતા. આયોગે વકીલને નોરાને જ હાજર થવાનો આદેશ આપ્યો હતો. આયોગે સ્પષ્ટ કહ્યું છે કે, નોરાએ જ પેનલ સામે હાજર થવું પડશે અને તે માટે તેને છેલ્લી તક અપાઈ હતી. જોકે હવે નોરાએ આજે હાજર થઈને માફી માંગી લીધી છે.

વાંધાજનક સોન્ગ મામલે અગાઉ ૨૭ એપ્રિલે સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન સંજય દત્ત હાજર થયો હતો, પરંતુ નોરા ફતેહી આવી ન હતી. સંજયે પણ આયોગ સમક્ષ હાજર થઈને ઘટનાને ગંભીરતાથી લઈને માફી માંગી છે. આ ઉપરાંત અભિનેતાએ પહેલ કરીને ૫૦ આદિવાસી બાળકીઓના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી છે. આયોગે વિવાદાસ્પદ ગીતમાં અશ્લિલતાને લઈને કડક વલણ અપનાવ્યું છે, ત્યારબાદ સંજય દત્તે તપાસમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)એ રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ-૧૯૯૦ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને 'સરકે ચુનર' ગીતમાં અશ્લીલતા અને અભદ્રતાના આરોપો અંગે સબંધિત મીડિયા અહેવાલો પર સ્વતઃ સંજ્ઞાન લીધું હતું. ત્યારબાદ આયોગે આ મામલે અભિનેત્રી નોરા ફતેહી, રકીબ આલમ, અભિનેતા સંજય દત્ત, વેંકટ કે. નારાયણ (નિર્માતા, કેવીએન ગ્રુપ) અને કિરણ કુમાર (નિર્દેશક) ને આયોગ સમક્ષ હાજર થવા માટે સમન્સ પાઠવ્યું હતું.

રાષ્ટ્રીય મહિલા આયોગ તરફથી આ મામલે ૧૯ માર્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ શેર કરતા માહિતી આપી હતી. આયોગનું કહેવું છે કે, પહેલી નજરે જોતા આ ગીત જાતીય રીતે ઉત્તેજક, વાંધાજનક અને ભારતીય દંડ સંહિતા, માહિતી ટેકનોલોજી અધિનિયમ અને પોક્સો કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન પ્રતીત થાય છે, તેથી આયોગે આ બાબતને ગંભીરતાથી લીધી છે.

### ૮ મી મે વિશ્વ થેલેસેમિયા દિન થેલેસેમિયા – સમગ્ર સમાજ માટે પડકાર

# લગ્ન કરતાં પેલા નવયુગલે પોતાનો થેલેસેમિયા ટેસ્ટ કરાવવો જરૂરી સિંધી, લોહાણા, ખોજા, ભાનુશાળી જ્ઞાતિમાં થેલેસેમિયાનું પ્રમાણ વધુ

## દિવ્યાંગ ધારો ૨૦૧૬ અમલ સહિતની થેલેસેમિક બાળકોને પડતી મુશ્કેલીઓનું રાજ્ય સરકાર નિરાકરણ લાવે

અમરેલી, તા. ૭

રાજકોટ, જામનગર, ભાવનગર કે જૂનાગઢ સહિતાના શહેરની સરકારી હોસ્પીટલનાં થેલેસેમીયા વોર્ડમાં સવારથી સાંજ સુધીમાં ગમે ત્યારે જવાનું થાય તો તમને બે મહિનાના બાળકથી લઈને ૨૦ વર્ષ સુધીનાં યુવાનના શરીરમાં કીટ વડે લોહી સરકતું દેખાય. આ દશ્ય હૃદયને હચમચાવી દે તેવું હોય છે. કુમળા છોડ જેવા નિર્દોષ બાળ કોએ એવો તે ક્યો ગુનો કર્યો હશે કે આવી સજા વેઠવી પડે ? આ બાળકો લોહીના વારસાગત રોગ થેલેસેમિયાનો ભોગ બનેલા છે અને ભારત સહિત દુનિયાના દરેક દેશોમાં થેલેસેમિયા રોગે સમગ્ર માનવ સમાજ માટે ગંભીર પડકાર કરેલ છે.



થેલેસેમીયા એ લોહીનો વારસાગત રોગ છે. થેલેસેમીયાના મુખ્ય પ્રકાર છે. (૧) થેલેસેમીયા માઈનોર (૨) થેલેસેમીયા મેજર. ભારતમાં દર ૫૦ વ્યકિતએ એક થેલેસેમીયા માઈનોર છે. પતિ અને પત્ની બંનેને 'થેલેસેમીયા માઈનોર' હોય ત્યારે જ તેમના બાળકો ' થેલેસેમીયા મેજર' જન્મે છે, અન્યથા નહીં સ્ત્રી અને પુરૂષ બેમાંથી એક થેલેસેમીયા માઈનોર હોય અને બીજું નોર્મલ હોય ત્યારે તેમના બાળકો થેલેસેમીયા મેજર જન્મવાની કોઈ જ શક્યતા નથી. સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને થેલેસેમીયા માઈનોર છે. પણ શ્રીમતી જયા બચ્ચન નોર્મલ હોય તેમના બાળક અભિષેક કે તા બેમાંથી કોઈ થેલેસેમીયા મેજર જન્મેલ નથી. થેલેસેમીયા માઈનોર સંપૂર્ણ તંદુરસ્ત વ્યકિત હોય છે અને સંપૂર્ણ પણે નિરોગી જીવન જીવી શકે છે. થેલેસેમીયા કોઈ પ્રકારનો ચેપી રોગ નથી કે થેલેસેમીયા માઈનોર કોઈ દિવસ થેલેસેમીયા મેજરમાં ફેરવાતો નથી. આમ તેનાથી ગભરાવવાની, શરમાવવાની કે છૂપાવવાની કોઈ જરૂર નથી પણ લગ્ન પહેલા ગ્રહો જોવડાવવાની સાથે તમામ યુવક યુવતીઓએ અવશ્ય થેલેસેમીયા ટેસ્ટ કરાવવો જ જોઈએ. જેથી ભવિષ્યમાં પોતાના સંતાનો થેલેસેમીયા મેજરવાળા જન્મે નહિં અને જીવતર ઝેર બનતાં અટકે.

વિના ૬૦ દેશોમાં આ ભયાનક આનુવંશીક રોગ જોવા મળ ે છે. ભારતમાં અને આપણા ગુજરાતમાં થેલેસેમીયાના ઘણા દર્દીઓ છે અને હજી પણ માતાપિતાની બેદરકારી, અજ્ઞાનતા અને જાગૃતિના અભાવને લીધે નવા થેલેસેમીક બાળકો જન્મતા રહે છે. થેલેસેમીયા રોગ તમામ ધર્મ અને જ્ઞાતિમાં જોવા મળે છે. પરંતુ આપણે ત્યાં લોહાણા, સીધી, ખોજા, ભાનુશાળી, વણકર, મુસ્લિમ વગેરે જ્ઞાતિમાં વિશેષ જોવા મળે છે. સૌથી વધુ પ્રમાણ લોહાણા જ્ઞાતિમાં છે, થેલેસેમીયા મેજર બાળક જન્મે ત્યારે એક્દમ સ્વસ્થ અને નોર્મલ બાળક જેવું હોય છે. પણ એકાદ બે માસ પછી માતા ગર્ભમાંથી જે લોહી મળ્યું હોય તે લોહીનો પુરવઠો ખલાસ થઈ જતાં બાળક વીક અને સાવ નબળું પડવા લાગે છે, ચીડીયા સ્વભાવનું બની જાય છે, ખોરાક ઘટી જાય છે અને વિકાસ અટકી જાય છે. થેલેસેમિયાનો ભોગ બનેલ બાળકને મહિનામાં બે વાર નિયમિત લોહી ચડાવવાનું પડે છે, અઠવાડિયાના પાંચ દિવસ અતિ ખર્ચાળ અને મોંઘા ડેસ્ફરલ ઈંજેકશન લેવા પડે છે અને એક મહિનાનો આશરે ચારેક હજાર ખર્ચ આવે છે અને આ બધું કરવા છતાં બાળકનું આયુષ્ય મર્યાદિત જ હોય છે.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર – કચ્છમાં થેલેસેમીયાના અંદાજે ૩ હજાર જેટલા બાળકો છે. થેલેસેમિયા રોગની સારવાર અતિ ખર્ચાળ છે સમગ્ર પરિવાર આર્થિક, માનસિક અને સામાજીક રીતે ભાંગી જાય છે. માતા–પિતાની હાલત દયનીય હોય છે. પોતાને જાણ હોય છે કે પોતાનું બાળક લાંબુ જીવવાનો નથી છતાં મન મજબૂત રાખીને પોતાના લાડલા કે લાડલીની સેવા–સારવાર કરે છે. કુદરતે જેમને અન્યાય કર્યો છે તેવા પોતાના ગામ કે શહેરમાં રહેતા ગરીબ અને જરૂરતમંદ બાળકોને દતક લેવા માટે માનવતા જેના લોહીમાં વહે છે તેવા સમાજના સુખી નાગરીકો તેમજ સેવાકીય સંસ્થાઓએ આગળ આવવું જોઈએ. કેન્સર અને એઈડસ જેવા જ ભયંકર રોગ થેલેસેમીયાના રોગને અટકાવવા કે નાબૂદ કરવાની કોઈ દવા નથી. પરંતુ લગ્ન પહેલા દરેક યુવાન ભાઈઓ તેમજ બહેનોએ થેલેસેમીયા ટેસ્ટ અવશ્ય કરાવે તો તેનું નિવારણ છે. સેરાષ્ટ્ર યુનિવર્સિટીએ પોતાના છાત્રો માટે કોલેજમાં એડમીશન વેળ ાએ થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરેલ છે તે જ રીતે ઈટાલીમાં તો લગ્ન કરતા પહેલાં પાદરીને અમને થેલેસેમીયા નથી અથવા છે એવું પ્રમાણપત્ર બતાવવું પડે છે. દર વર્ષે સમગ્ર દેશમાં અને દુનિયામાં ૮ મી મે ''થેલેસેમીયા ડે'' તરીકે ઉજવાય છે પરંતુ માતાપિતાની અજ્ઞાનતા અને જાગૃતિના અભાવને લીધે દર વર્ષે ભારતમાં થેલેસેમીયાના ૭ હજારથી વધુ અને વિમાં એક લાખથી વધારે નવા બાળ કો જન્મે છે જે શરમજનક છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ તમામ કોલેજના છાત્રો માટે કોલેજમાં એડમીશન મેળવતા પહેલા થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરેલ છે તે જ રીતે રાજયની તમામ યુનિવર્સિટીઓએ આ દિશામાં પહેલ કરવી જોઈએ.

રાજકોટમાં લોહાણા સમાજ અને જૈન સમાજે પોતાની જ્ઞાતિના તમામ જરૂરતમંદ બાળકોને દતક લઈ અન્ય જ્ઞાતિઓને રાહ ચીંધ્યો છે ત્યારે અન્ય જ્ઞાતિઓના આગેવાનોએ પણ આગળ આવી પોતાની જ્ઞાતિના થેલેસેમીક બાળકોને સહાયરૂપ થવા અપીલ છે.

કેન્દ્ર કે રાજય સરકાર જે રીતે કુટુંબ કલ્યાણ, વૃક્ષારોપણ, સાક્ષરતા, નાની બચત, પોલીયો નાબુદી વિગેરે અંગે અભિયાન ચલાવે છે તે જ રીતે થલેસેમીયા અવેરનેસ માટે પ્રક્રિયા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

થેલેસેમીયા દૈત્યને ડામવા અને વધુ પરિવારોને બરબાદ થતાં અટકાવવા માટે વ્યાપક ઝુંબેશ ચલાવી સેએ સહીયારો પુરૂષાર્થ કરવાની જરૂર છે. દરેક યુવાન ભાઈઓ–બહેનો પહેલા થેલેસેમીયા ટેસ્ટ પછી જ સગાઈ કે લગ્ન કરીશું એવો દઢ સંકલ્પ કરે, દરેક જ્ઞાતિઓ પોતાના જ્ઞાતિજનો માટે 'થેલેસેમીયા પરીક્ષણ કેમ્પ' યોજે, રાજય સરકાર પણ થેલેસેમીયા ટેસ્ટ તમામ માટે ફરજીયાત બનાવે. થેલેસેમીક બાળક અને તેની સાથે જનાર કોઈપણ એકને બ્લડ ટ્રાન્સફયુઝનમાં જવા–આવવા મહિનામાં બે દિવસ એસ.ટી. બસમાં ફ્રી બસ પાસ કાઢી આપવામાં પડતી મુશ્કેલીનો એસ. ટી. તંત્ર માનવીય અભિગમ દાખવે, રાજયની તમમ મહાનગરપાલિકાઓ થેલેસેમિક બાળ કોના પરિવારની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઈ વેરાબિલમાં વીશેષ રાહત આપે, દરેક ગામ–નગર–શહેરમાં થેલેસેમીયા જનજાગૃતિ માટે ઝુંબેશ શરૂ કરે તે સમયની માંગ છે. સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ શહેરમાં સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ પ્રેરિત થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિના માનવતા જેના લોહીમાં વહે છે તેવા સેવાના રંગે રંગાયેલા કાર્યકર્તાઓ સેને સાથે રાખીને રાજકોટ શહેર થેલેસેમીયા મુકત બને તે માટે જનજાગૃતિના અવિરત કાર્યક્રમો યોજે છે જેમાં પત્રિકાઓનું વિતરણ, વાહનો પર સ્ટીકરો લગાડવા, જાહેર સ્થળો તેમજ જ્ઞાતિની વાડીઓમાં થેલેસેમીયાને લગતા બેનરો લગાડવા, શાળ ા–કોલેજોમાં વાર્તાલાપ–સેમીનાર, વિવિધ જ્ઞાતિઓના આગેવાનોનો સંપર્ક, અઠવાડીયામાં એકવાર શહેરના કોઈ એક મુખ્ય સર્કલ કે ચાર રસ્તામાં જનજાગૃતિ કાર્યક્રમ માનવ સાંકળ શહેરની બજારોમાં પદયાત્રા, વોક ફોર થેલેસેમીયા કાર્યક્રમ, શહેરની મુલાકાતે આવતા સેલીબ્રીટીઓની મુલાકાત લઈને થેલેસેમીયાનો સંદેશ તેઓના માધ્યમથી સમાજ સુધી પહોંચે તેવા પ્રયાસો એ જ રીતે થેલેસેમીયા પીડિત બાળકો અને પરિવારજનો માટે આનંદોત્સવ, રમતગમત, પ્રવાસ પર્યટન, પીકચર, સર્કસ, જાદુના–શો, છાત્ર સત્કાર સમારંભ, ૫૦૦ થી વધુ થેલેસેમીયા પીડિત બાળકોને દાતાઓના સહકારથી સાઈકલ વિતરણ, રકત સરળતાથીમળી રહી તે માટે રકતદાન શિબિરો, નોટબુક વિતરણ સહિતની અનેકવિધ પ્રવૃતિઓ અવિરત યોજવામાં આવે છે.

સમાજમાં હજી આ ગંભીર અને ભયાનક રોગ અંગે જે ગંભીરતા હોવી જોઈએ તે જોવા મળતી નથી ત્યારે સે કોઈએ આગળ આવવું પડશે નહીંતર આવનારી ભાવિ પેઢી આપણને માફ નહી કરે. થેલેસેમીયા રોગને સમાજ ફેલાતો અટકાવવા માટે સગાઈ પહેલા થેલેસેમીયા ટેસ્ટ ફરજીયાત કરવામાં આવે, સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબોએ પોતાની પાસે આવતા તમામ સગર્ભા બહેનોને થેલેસેમીયા ટેસ્ટ કરાવવા માટે સલાહ આપે, સરકાર દ્વારા દર વર્ષે થેલેસેમીયા જનજાગૃતિ સપ્તાહ યોજવામાં આવે, સમાજના લોકો પર જેમની બહુ મોટી અસર હોય છે તેવા સાધુ–સંતો, શ્રેષ્ઠીઓ, સેલીબ્રીટીઓએ આ અંગે પહેલ કરવી જોઈએ, નેશનલ હેલ્થ મીશન દ્વારા દરેક રાજયને થેલેસેમીયા માટે ભંડોળ આપવામાં આવે છે તેનો પૂરતો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકારે વર્ષ – ૨૦૧૬ની સાલમાં થેલેસેમિયા સહિતના ૨૧ કેટેગરીના બાળકોનું દિવ્યાંગ ધારામાં સમાવેશ કરેલ છે પરંતુ અતિ દુઃખ સાથે જાણવાનું કે સરકારની વિવિધ યોજનાઓ જેવી કે એસ. ટી. બસ પાસ, રેલવે પાસ, ખેલ મહા કુંભ, પેન્શન, વીમા યોજના, ઈન્કમ ટેકક્ષમાં રાહત, સરકારી સાધન સાહી યોજના, સરકારી નોકરી સહિતના લાભો દિવ્યાંગ ધારામાં સમાવેશ કરવાના ૬ વર્ષ આવ્યા છતાં હજી સુધી શા માટે મળતા નથી આ બાબતે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અંગત રસ લઈ વહેલી ટેક દિવ્યાંગ ધારા ૨૦૧૬ના તમામ લાભો તમામ ૨૧ કેટેગરીના બાળકોને મળતા થાય તેમ કરે અને કુદરતે પણ જેની સાથે અન્યાય કરેલ છે તેવા આવા દિવ્યાંગ બાળકો અને પરિવાર જનોના આશીર્વાદ અને અભિનંદનના અધિકારી બનવા મુખ્યમંત્રીને લાગણી સભર અપીલ સહ વિનંતી છે. રાજકોટના પનોતા પુત્ર અને રાજયના તત્કાલીન સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સતાના સુત્રો સંભાળતાની સાથે જ અંગત રસ લઈને થેલેસેમીયા પીડિત બાળકો માટે અતિ ખર્ચાળ મોંઘી દવાઓ અને ઈંજેકશન ફ્રી આપવાનો તેમજ રાજયની તમામ બ્લડ બેંકમાંથી કોઈપણ જાતના રીપ્લેસમેન્ટ વગર થેલેસેમીક બાળકોને વિનામુલ્યે લોહી આપવાનો માનવતાવાદી નિર્ણય લીધેલ પરંતુ તેનો અમલ કરનારા આરોગ્ય વિભાગ અને સિવિલ હોસ્પીટલના સતાવાળાની નીંભરતા, લાપરવાહી અને બેદરકારીને લીધે કયારેય નિયમિત રીતે દવા કે ઈંજેક્શન કોઈ જગ્યાએ મળતા નથી તે જ રીતે હજી પણ ઘણી બધી રાજકોટ સહિતની રાજયની બ્લડ બેંકો થેલેસેમીક બાળકોને લોહી આપવામાં હેરાન–પરેશાન કરે છે અને રિપ્લેસમેન્ટ માંગે છે. તેથી આ બાબતે લાગતા વળગતા સતાવાળાઓ અંગત રસ લઈ સત્વરે યોગ્ય કાર્યવાહી હાથ ધરે તે જરૂરી છે. થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિની તમામ પ્રવૃતિઓમાં હરહંમેશ જેમનો સાથ સહકાર પ્રેમ મળે છે તેવા શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ મુકેશભાઈ દોશી, ડો. રમેશભાઈ ભાયાણી, રાજુભાઈ પોબારૂ, ડી.વી.મહેતા, ડો. દિપકભાઈ પટેલ, શશીકાન્તભાઈ કોટીચા, ડો. દેત્રોજા, સેવાકીય સામાજીક સંસ્થાઓ, વિવિધ જ્ઞાતિના આગેવાનો, નિયમિત અને સ્વૈચ્છિક રકદાતાઓ, સાધુ–સંતો તેમજ માનવતા જેના લોહીમાં વહે છે તેવા દાતાઓનો દિલથી આભાર માનીએ છીએ.

સંસ્થાના સેવાને સમર્પિત કાર્યકર્તાઓ અનુપમ દોશી, મિતલ ખેતાણી, ઉપેનભાઈ મોદી, ડો. રવી ધાનાણી, હસુભાઈ રાચ્છ, જીતુલભાઈ કોટેચા, સુરેશભાઈ બાટવીયા, જનાર્દનભાઈ આચાર્ય, નલીન તન્ના, ભાસ્કરભાઈ પારેખ, સુનીલ વોરા, ભનુભાઈ રાજગુરૂ, હસુભાઈ શાહ, દિનેશભાઈ ગોવાણી, મહેશભાઈ જીવરાજાની, પ્રદિપભાઈ જાની,મહેશભાઈ વ્યાસ , શરદભાઈ દવે, હિતેષ ખુશલાણી, ધર્મેશ રાયચુરા, રમેશ શીશાંગીયા, પરિમલભાઈ જોષી, હીરેનભાઈ લાલ, જીતુભાઈ ગાંધી, અીન ચૌહાણ, ડો. હાર્દિક દોશી, પંકજ રૂપારેલીયા, જયેન્દ્રભાઈ મહેતા, નયન ગંધા, નૈષધભાઈ વોરા, કિશોર તાકોદરા, ઉર્વીશ વ્યાસ, હિતેશભાઈ ખખ્ખર,પરિમલભાઈ જોશી સહિતના સેવાભાવીઓ તન, મન, ધનથી કાર્યરત છે.

કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રકત જેમનો ખોરાક છે તેવા થેલેસેમીયાગ્રસ્ત બાળ કોની વહારે ચઢવા અને ભવિષ્યમાં નવા થેલેસેમીયા પીડિત બાળકો ન જન્મે તે માટે થઈને વિ થેલેસેમીયા દિવસ છે ત્યારે જયાં થોડુ ઘણું કામ થાય છે ત્યાં વેગ આપીએ તેમજ જયાં કાંઈ કામ નથી થતું ત્યાં શરૂઆત કરવાનો સંકલ્પ કરીએ તે સમયની માંગ છે.

**અનુપમ દોશી (મો. ૯૪૨૮૨ ૩૩૭૯૬)**

**મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨**

રાજ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ રાજકોટના મગજ, મણકા તથા કરોડરજ્જુના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર-અમરેલીમાં તારીખ : ૦૮/૦૫/૨૦૨૬ શુક્રવાર સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
મગજની તકલીફો
❖ અકસ્માત / ઈજા ❖ મગજની ગાંઠ / સતત માથામાં દુઃખાવો
❖ હેમરેજ ❖ મગજમાં પાણી ભરાવું ❖ એપિલેપ્સીની સારવાર
❖ ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા (ચહેરા પર કરંટ જેવા ઝટકા આવવા)
❖ ચહેરાનો એક બાજુનો ભાગ ખેંચાવો (હેમિફેસિયલ સ્પાસમ HFS)
કરોડરજ્જુની તકલીફો
❖ કમરમાં દુઃખાવો ❖ ગરદનમાં દુઃખાવો
❖ મણકાની ઈજાઓ ❖ ગાદીમાં ઘસારો ❖ સાયટીકાની તકલીફ
(ગોળ હોસ્પિટલ)
24/7 Emergency Services
ડો. પુનિત આર. ત્રિવેદી
ન્યુરો & સ્પાઈન સર્જન
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઈઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 98793 18088

### બગસરાનાં પીઠડીયા ગામ નજીકનો બનાવ

# અમરેલીનાં વૃધ્ધે આડે શ્વાન આવી જવાથી બાઈક પરનો કાબુ ગુમાવ્યો

## માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી વૃધ્ધનુ મોત

અમરેલી, તા. ૭

અમરેલીમાં રહેતાં બાબુભાઈ કરશનભાઈ કોટડીયા નામનાં ૬૮ વર્ષીય વૃધ્ધ ગત તા.૧૭/૪ ના સવારના સાડા છ-એક વાગ્યે બગસરા તાલુકાના પીઠડીયા ગામે પોતાના હવાલા વાળી મોટર સાયકલ નં.જીજે ૧૪ એએફ ૮૧૪૬ પુરપાટ

અનુસંધાન પાના ૬ ઉપર

### પત્નીને પડોશી સાથે પ્રેમ સંબધ હોય ઠપકો આપેલ

# સાવરકુંડલામાં પતિએ ઠપકો આપતાં પત્ની રિસામણે ચાલી જતાં ઝેરી દવા પી લીધી

## માત્ર ૩૪ વર્ષિય યુવકનાં મોતથી અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૭

સાવરકુંડલા, ગામે ખાદી કાર્યાલય ઘાસના ગોડાઉન પાસે રહેતાં વીજયભાઈ બાલુભાઈ મોલાડીયા નામનાં ૩૫ વર્ષીય યુવકના પત્નિને પડોશી સાથે પ્રેમસંબંધ હોય તેથી યુવકે પોતાની પત્નીને ઠપકો આપતા તેણી રીસામણે જતી રહેલ હોય જે વાતનું યુવકને લાગી આવતા ઝેરી દવા પી જતા યુવકનું મોત નિપજયાનું લાલજીભાઈ બાલુભાઈ મોલાડીયાએ પોલીસમાં જાહેર કરેલ છે.

### આવેશમાં આવી જઈ પતિએ ત્રિકમનાં ઘા ઝીંકી દીધા

# બગસરા : રસોઈ બનાવવા બાબતે પતિએ પત્નીની નિર્મમ હત્યા કર્યાનાં પ્રકરણમાં પોલીસ દ્વારા રીકન્સ્ટ્રકશન

## આરોપીને સ્થળ પરથી જ ઝડપી પાડવામાં આવ્યા બાદ આજે આરોપીને સાથે રાખી રી કન્સ્ટ્રકશન કરાયું



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૭

બગસરામાં માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતા દંપતીને રસોઈ બનાવવા બાબતે માથાકૂટ થતા પતિએ આવેશમાં આવી પત્નીની નિર્મમ હત્યા કરી

અનુસંધાન પાના ૬ ઉપર

### પેરોલ ફર્લો સ્કવોર્ડની સફળ કામગીરી

# અમરેલી : છ મહિનાથી ફરાર આજીવન કેદી સુરતથી ઝડપાયો

## કેદીને પૂનઃ સુરત જેલ હવાલે કરવામાં આવ્યો

અમરેલી, તા.૭

લાજપોર મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન રજા પર મુક્ત થયા બાદ છેલ્લા છ મહિનાથી ફરાર રહેલા આજીવન કેદીને અમરેલી જિલ્લો પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપી પાડયો છે. બળાત્કાર અને પોકસો કેસમાં સજા ભોગવી રહેલા આ કેદીને સુરત ખાતેથી ઝડપી ફરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.



આર.વી. અંસારીના માર્ગદર્શન હેઠળ ફરાર આરોપી અને પેરોલ જમ્પ કેદીઓને ઝડપી પાડવા માટે ખાસ અભિયાન હાથ ધરાયું હતું. તે અનુસંધાને સંજય ખરાત તથા જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોર્ડે તપાસ શરૂ કરી હતી.

કલ્પેશ ઉર્ફે ધવલ ઉર્ફે આર્યન ઉર્ફે લાલો કનુભાઈ ગલસાણીયા (ઉંમર વર્ષ ૩૦) જે મૂળ પુંજાપાદરનો રહેવાસી છે, તેને હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકિનકલ સોર્સના આધારે તા. ૭/૫/૨૦૨૬ના રોજ સુરત ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ કામગીરી સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ એન.જી. સાપરા અને ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

### અમરેલી જિલ્લામાં હત્યાનાં બનાવોમાં સતત વધારો

# બાબરાનાં કરિયાણા ગામ નજીક કારમાં સવાર યુવકને રોકીને નિર્મમ હત્યા કરાઈ

## છેલ્લા ૧૦ દિવસમાં હત્યાનો ચોથો બનાવ બન્યો



તસ્વીર : પંકજ ઈન્દ્રોદીયા-બાબરા

બાબરા, તા. ૭

અમરેલી જિલ્લામાં ગુનાખોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો હોય તેવી સ્થિતિ વચ્ચે બાબરા તાલુકાના કરિયાણા ગામ નજીક વધુ એક હત્યાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાબરા તાલુકાના કરિયાણાથી જીવાપર ગામ જતાં રસ્તા પર અજાણ્યા શખ્સોએ એક કાર આંતરી તેમાં સવાર યુવકને બહાર કાઢી તેના પર જીવલેણ હુમલો કરી હત્યા નિપજાવી હોવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક અનુમાન મુજબ સાતથી આઠ જેટલા શખ્સો દ્વારા ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. હત્યા બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા.

મૃતકની ઓળખ ભરત ઉગરેજીયા તરીકે થઈ હોવાનું સામે આવ્યું છે. મૃતક વિંછીયા તાલુકાના ફુલઝર ગામનો રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. મૃતક દેવીપુજક સમાજ સાથે સંકળાયેલ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

ઘટનાની જાણ થતા બાબરા પોલીસ તાત્કાલિક સ્થળ પર

અનુસંધાન પાના ૬ ઉપર

કમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
સ્ટેમ્પ પેપર, સોગંદનામા, કુલમુખત્યારનામું દસ્તાવેજ, ભાડા કરાર વિગેરે કામકાજ માટે કમ્પ્યુટરમાં ગુજરાતી ટાઈપીંગ કરી શકે તેવા અનુભવી લેડીઝ ઉમેદવાર જ સંપર્ક કરે
શ્રી દ્વારકેશ ડોક્યુમેન્ટ
અમરેલી ટ્રેડ સેન્ટર, કલેકટર કચેરી પાસે, જિલ્લા પંચાયત ઓફિસ પાછળ-અમરેલી સંપર્ક નં. ૯૯૭૪૨ ४८૫૨૫

### દેશનાં ગૌરવસમા સિંહોની હાલત શ્વાન જેવી બની

# અમરેલી જિલ્લાનાં વન વિસ્તારમાં સિંહોની પજવણીનો વિડીયો વાયરલ

## સમગ્ર બનાવ અંગે વન વિભાગે તપાસ આદરી



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં સિંહની પજવણી કરતો એક વિડીયો સોશ્યલ મીડિયામાં ઝડપથી વાયરલ બન્યો છે. વિડીયોમાં કેટલાક લોકો કાર લઈને સિંહની પાછળ દોડતા અને તેની ખૂબ નજીક જઈ પજવણી કરતા નજરે પડે છે. આ ઘટના સામે આવતા વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે.

આ અંગે વન અધિકારી વિકાસ યાદવએ સમગ્ર મામલે ગંભીર નોંધ લઈ તપાસના આદેશ આપ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ વાયરલ વિડીયો રેવન્યુ વિસ્તારમાં આવેલા કોઈ ગ્રામ્ય વિસ્તારનો હોવાનું અનુમાન વ્યકત કરવામાં આવી રહ્યું છે. વિડીયોમાં સિંહને સતત પીછો કરીને હેરાન કરવામાં આવતો હોવાના દ્રશ્યો જોવા મળે છે.

છેલ્લા કેટલાક સમયથી સિંહદર્શનના નામે સિંહોની નજીક જઈ વિડીયો બનાવવાની અને પજવણી કરવાની ઘટનાઓમાં વધારો થયો છે. સોશ્યલ મીડિયામાં વધુ વ્યૂઝ અને લોકપ્રિયતા મેળવવા માટે કેટલાક લોકો વન્યજીવોની સુરક્ષા અને નિયમોને અવગણી રહ્યા હોવાના આક્ષેપ ઉઠી રહ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે વન વિભાગ દ્વારા કડક કાર્યવાહી ન થતાં પજવણીખોરો બેફામ બન્યા છે. વન વિભાગે લોકોને સિંહોથી સુરક્ષિત અંતર જાળવવા અને વન્યજીવોને હેરાન ન કરવાની અપીલ કરી છે.

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એકસરે કિલનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક, માણેકપરા, મેઈન રોડ, લીલીયા રોડ, અમરેલી
ફોન : ૦૨૭૯૨ - ૨૨૦૩૩૩ મોબાઈલ : ૯૯૨૫૨ ૬૭૯૮૧ - ૯૯૦૧૮ ૨૯૪૬૧

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ४७२९५
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંઘીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

આયુર ગ્લો
ડલ સ્કિનથી પરેશાન છો?
Crystal Microdermabrasion સાથે મેળવો
સ્મૂથ અને કલીન સ્કીન
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91 91060 20550

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૫
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો
SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Sales Co - Ordinator - 4
• Reporting Manager - 1
• Sales & Marketing Officer - 3
• Senior Account - 1
• Liaisoning Officer - 1
• Data Entry Operator - 2
• Cashier - 2
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)